


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 231 | AD-2022, Vaishakh Vad-11, Thursday, Dt. 26-05-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ૧૮ વર્ષીય વિદ્યાર્થીએ શાળાએ જતાં પહેલા તેની દાદીને પણ ગોળી મારી હતી

# અમેરિકામાં વિદ્યાર્થીનો ગોળીબાર : ૨૩ના મોત

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૫

અમેરિકામાં ફાયરિંગની ઘટના સામાન્ય બની ગઈ છે, હુમલાખોરો અંધાધૂંધ ગોળીબાર કરીને લોકોને મોતને ઘાટ ઉતારી દેતા હોય છે, અમેરિકામાં ફાયરિંગની ઘટના સરકાર માટે એક પડકાર બની ગઈ છે.૧૮ વર્ષના વિદ્યાર્થીએ સ્કૂલમાં ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ૧૮ બાળકો અને ૩ શિક્ષકોના મોત થયા હતા.આ અંગે રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે હવે સમય આવી ગયો છે એકશન લેવાનો ગોળીબારની ઘટના સામે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, આ હુમલાખોર પણ જવાબી કાર્યવાહીમાં માર્યો ગયો છે. ટેક્સાસ પોલીસે જણાવ્યું કે હુમલાખોર યુવક પોતાના વાહનમાંથી નીકળીને સ્કૂલમાં પ્રવેશ્યો હતો. તેની પાસે એક હેન્ડગન અને એક રાઈફલ હતી.

અમેરિકાના ટેક્સાસની એક સ્કૂલમાં સામૂહિક ગોળીબારનો મામલો સામે આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે અહીં ૧૮ વર્ષના હુમલાખોરે સ્કૂલમાં ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ૧૮ બાળકો અને ૩ શિક્ષકોના મોત થયા હતા. બીજી તરફ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું કે એક રાષ્ટ્ર તરીકે આપણે પૂછવું પડશે કે આપણે ભગવાનના નામે ગન લોબી સામે ક્યારે ઊભા રહીશું?



આ ગોળીબાર ટેક્સાસના ઉવાલ્ડે શહેરમાં થયો હતો. અહીં ૧૮ વર્ષના હુમલાખોરે રોબ એલિમેન્ટરી સ્કૂલમાં ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં ૧૮ વિદ્યાર્થીઓના મોત થયા હતા. જ્યારે ત્રણ શિક્ષકોએ પણ જીવ ગુમાવ્યો હતો. હુમલાખોર પણ માર્યો ગયો છે. તે ઉવાલ્ડે હાઈસ્કૂલનો વિદ્યાર્થી હતો.

હુમલાખોર વિશે મોટો ખુલાસો થયો છે.સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે હુમલાખોરે શાળાએ જતા પહેલા તેની દાદીને પણ ગોળી મારી હતી. દાદીને ગોળી વાગ્યા બાદ સાન એન્ટોનિયોમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. તેની સારવાર ચાલી રહી છે. દાદીને ગોળી મારીને હુમલાખોર ભાગી ગયો હતો. આ પછી તે શાળામાં પહોંચ્યો અને વિદ્યાર્થીઓ પર ગોળીબાર કર્યો.

ટેક્સાસ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફટીએ અહેવાલ આપ્યો છે કે ઉવાલ્ડે, ટેક્સાસમાં રોબ એલિમેન્ટરી સ્કૂલમાં ગોળીબાર પહેલા હુમલાખોર સાથે બે ઘટનાઓ બની હતી. પહેલા તેણે તેની દાદીને ગોળી મારી. બાદમાં તેણે સ્કૂલ પાસે એક વાહનને પણ ટક્કર મારી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર હુમલાખોરે સ્કૂલમાં પ્રવેશતા પહેલા બુલેટપ્રૂફ જેકેટ પહેર્યું હતું. શાળામાં પ્રવેશ કરતી વખતે હુમલાખોરના હાથમાં રાઈફલ હતી. આ પછી તે સ્કૂલના અલગ-અલગ ક્લાસમાં ગયો અને ફાયરિંગ શરૂ કરી દીધું. આ અકસ્માતમાં કુલ ૨૧ લોકોના મોત થયા છે. અમેરિકામાં સામૂહિક ગોળીબારની ઘટનાઓ ઝડપથી વધી રહી છે. ગન વાયોલન્સ આર્કાઈવ અનુસાર, ૨૦૨૨માં સામૂહિક ગોળીબારની ઓછામાં ઓછી ૨૧૨ ઘટનાઓ બની હતી.










# ટેરર ફંડિંગ કેસમાં યાસીન મલિકને ઉમર કેદની સજા ફટકારતી કોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫




પ્રતિબંધિત સંગઠન જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રંટના વડા યાસીન મલિકને ટેરર ફંડિગના કેસમાં સજા સંભળાવવામાં આવી છે.દિલ્હીની એનઆઈએ કોર્ટે યાસીમ મલિકને ઉમરકેદની સજા સંભળાવી છે.તેની સાથે જ કોર્ટે ૧૦ લાખ રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે. એ યાદ રહે કે એનઆઈએએ યાસીન મલિકને સજા એ મોત આપવાની માંગ કરી હતી.ગુરૂવારે કોર્ટે ટેરર ફંડિગ મામલામાં યાસીનને દોષી ઠેરવ્યો હતો યાસીને સુનાવણી દરમિયાન કબુલ કર્યું હતું કે તે કાશ્મીરમાં આતંકી ગતિવિધિઓમાં સામેલ હતો આ પહેલા યાસીન મલિકને દિલ્હીની પટિયાલા કોર્ટમાં લાવવામાં આવ્યો હતો કોર્ટમાં સજા પર ચર્ચા થઈ ત્યારબાદ કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો સજા સંભળાવતા પહેલા પટિયાલા કોર્ટ પરિસરની સુરક્ષા વધારી દેવામાં આવી હતી કોર્ટ રૂમની બહાર સીએપીએફ સ્પેશ્યલ સેલના જવાનોની તહેનાતી કરવામાં આવી હતી આ દરમિયાન અદાલતની બહાર અનેક લોકો તિરંગો લઈ પહોંચ્યા હતાં જયારે શ્રીનગરની પાસે મૈસુમામાં યાસીન મલિકના ઘરની પાસે મલિક સમર્થકો અને પોલીસની વચ્ચે અથડામણ થઈ હતી. અહીં પથ્થરમારો કરવામાં આવતા સુરક્ષા કર્મચારીઓએ ટીયરગેસના સેલ છોડયા હતાં મૈસુમામાં યાસીનનું ઘર છે મલિકના ઘરની આસપાસ સુરક્ષા જવાન તહેનાત કરવામાં આવ્યા હતાં અને ડ્રોનથી વિસ્તારની દેખરેખ કરવામાં આવી રહી છે.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરૂવાર, તા.૨૬-૦૫-૨૦૨૨

# અમરેલીમાં સા.કુંડલા ફાટકથી સ્વામિનારાયણ મંદિર સુધીના રોડનું કામ શરૂ થતા આનંદ

## ધારાસભ્ય પરેશ ધાનાણીએ સરકારમાં કરેલી રજૂઆત રંગ લાવી

અમરેલી,તા.૨૫

અમરેલી શહેરમાં સા.કુંડલા રોડ ફાટકથી સ્વામિનારાયણ મંદિર સુધીનો રોડ અતિ બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુશ્કેલી અનુભવતા હતા આ માર્ગ નવો બનાવવા માટે ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી દ્વારા રાજ્ય સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી.



રાજ્ય સરકાર દ્વારા આ માર્ગ બનાવવા માટે મંજૂરી આપવામાં આવતા આ માર્ગ બનાવવાની કામગીરી શરૂ કરાવવામાં આવી છે. છેલ્લાં ઘણા સમયની વિસ્તારવાસીઓની માંગણી સંતોષાતા સાવરકુંડલા રોડથી સ્વામિનારાયણ મંદિર સુધીના રહીશો તથા ધાર્મિક સંસ્થાઓના વડાઓએ ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીનો આભાર વ્યકત કર્યો હતો.

# દામનગરથી ધ્રુફણીયા જતા માર્ગ પર બંદૂકની ગોળીની જેમ છુટતા પથ્થરો

## ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે માર્ગ-મકાન ખાતાને પત્ર પાઠવ્યો

દામનગર,તા.૨૫

દામનગરથી ધ્રુફણીયા તરફ જતા માર્ગનું નવીનીકરણ કરવામાં આવી રહ્યુ છે. મોટાભાગે માર્ગના નવીનીકરણથી વાહનચાલકો માટે રાહત થતી હોય છે પરંતુ આ માર્ગની કામગીરી વાહનચાલકો માટે માથાનો દુઃખાવો સાબિત થઈ છે. આ માર્ગનું કામ કરતી એજન્સી દ્વારા માર્ગ પર નાળા પુલના કામે પથ્થર પાથરવામાં



આવ્યા છે. પરંતુ કામ પુરૂ થયા બાદ કોન્ટ્રાકટર દ્વારા બેદરકારી દાખવી યોગ્ય રીતે સાફ-સફાઈ કરવામાં ન આવતા માર્ગ પર પડેલા પથ્થર કોઈ મોટા વાહન ચાલે તો બંદૂકની ગોળીની જેમ છુટતા હોવાથી વાહનચાલકોમાં ભય ફેલાયો છે. આ બાબતે ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે માર્ગ-મકાન ખાતાને પત્ર પાઠવ્યો છે.

# અમરેલી એસ.પી. સાથે શુભેચ્છા મુલાકાત કરતા મનિષ સંઘાણી



અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘ સાથે પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનિષ સંઘાણીએ શુભેચ્છા મુલાકાત કરી હતી. સહકાર દ્વારા લોકો કેવી રીતે આત્મનિર્ભર બને તેની ચર્ચા કરી હતી.

# લાઠી તાલુકામાં કોવિડ વેક્સિનેશન અંતર્ગત સ્પેશિયલ મેગા ડ્રાઈવ યોજાઈ

અમરેલી,તા.૨૫

લાઠી તાલુકામાં કોરોના રસીકરણ અંતર્ગત સ્પેશિયલ મેગા ડ્રાઈવ યોજાઈ હતી. જિલ્લા આરોગ્ય અધિકારી ડો.જયેશ પટેલ અને રસીકરણ અધિકારી ડો. કાપડીયા દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લિસ્ટ મુજબ બાકી રહેતા



લાભાર્થીઓને ફોન કરી બોલાવીને વેક્સિનેશનની કામગીરી કરવામાં આવી હતી. આ તકે, ૩૧૦૦ વેક્સિનેશનના લક્ષ્યાંક સામે ૨૩૫૮ની કામગીરી કરવામાં આવી હતી. વેક્સિનેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જેમાં આરોગ્ય અધિકારીઓ, કર્મચારીઓ અને આશાબહેનો જોડાયા હતા.

## ધારી-અમરેલી રોડ પર 'કેસરી'ની લટાર



ધારી-અમરેલી માર્ગ પર વાહનોની અવર-જવર વચ્ચે 'કેસરી'એ લટાર મારી હતી. મુખ્ય માર્ગ પર અચાનક વનરાજ ટહેલવા નિકળી પડતા વાહનચાલકોએ સિંહ દર્શનનો લાભ લીધો હતો.

# ધારીમાં લોન્ડ્રીમેને સોનાની ત્રણ વીંટી પરત કરી દાખવી પ્રમાણિકતા

ધારી,તા.૨૫

ધારીમાં ઈસ્ત્રીના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીએ સોનાની ત્રણ વીંટી પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂ પાડયુ હતું. ધારીમાં લોન્ડ્રીમેન રાજેશભાઈ વાઘેલાએ થેલીમાંથી કપડા સાથે સોનાની ત્રણ વીંટી નિકળતા મુળ માલિક જીતુભાઈ જયસ્વાલને આ



તસવીર : સંજય વાળા

બાબતની જાણ કરી કિં.રૂ.૫૦ હજારની ત્રણ વીંટી પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂ પાડયુ હતું.

# સાવરકુંડલામાં ટ્રાફિક સમસ્યાથી ક્યારે છૂટકારો મળશે? લોકોમાં સવાલ



અમરેલી તા.૨૫

સાવરકુંડલામાં નાવલી નદી પાસે છાશવારે ટ્રાફિક સર્જાતા એમ્બ્યુલન્સને પણ બહાર નિકળવું અઘરૂ પડે છે ત્યારે શહેરમાં વારંવાર સર્જાતા ટ્રાફિકનું યોગ્ય નિરાકરણ ક્યારે આવશે તેવો શહેરીજનો સવાલ ઉઠાવી રહ્યાં છે.

# અમરેલી તાલુકામાં અન્ય સ્ત્રી સાથે રહેતા યુવકને ફરજનું ભાન કરાવતી ૧૮૧ ટીમ

અમરેલી,તા.૨૫

અમરેલી તાલુકામાંથી પરિણીતાએ ૧૮૧માં ફોન કરી જણાવ્યું હતું કે મારો પતિ છેલ્લાં એક વર્ષથી ઘર આવ્યો ન હોય અને તે અન્ય સ્ત્રી સાથે મૈત્રી કરાર કરી રહેતો હોય પોતે નાના બાળકો સાથે સાસુ-સસરા સાથે રહેતી હોવાથી પતિને સમજાવવા માટે ૧૮૧ની મદદ માંગી હતી

CALL 181
WOMEN HELPLINE
ADVICE • RESCUE • COUNSELING

જેથી આ બાબતે તાત્કાલિક ૧૮૧ ટીમના રોબિના બ્લોચે તેમની ટીમ સાથે જઈ મહિલાના પતિનું કાઉન્સેલિંગ કર્યુ હતું અને પતિને કાયદાકીય માહિતી આપી હતી. જેથી પતિને તેની ભુલ સમજાતા પત્ની અને બાળકોની માફી માંગી આગળ આવી ભુલ નહી થાય તેવી બાહેધરી આપી હતી. મહિલાને પતિ સાથે કાઉન્સેલિંગ માટે અમરેલી નારી અદાલત રીફર કરવામાં આવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં માટી ઉપાડવાની મુદત વધારવા પૂર્વમંત્રીની રજૂઆત

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં નદી, ચેકડેમ, તળાવ અને જળાશયોના તળિયા દેખાતા ખેડૂતોને પોતાની જમીનમાં ફળદ્રુપતા વધારવા માટે અને જમીન સમતલ કરવા માટે માટી, મોરમ, ટાંચ ઉપડવાની મંજૂરી મળતા જળ સંગ્રહ વધારવા સાથે ખેતી માટે ઉપયોગી યોજના સુજલામ સુફલામ અંતર્ગત છૂટ આપવામાં આવી છે. આ યોજનામાં ખેડૂતોએ સ્વખર્ચે તળાવો, નદીઓ ઉંડા કરીને માટી ઉપાડી છે ત્યારે ખેડૂતોને બંને બાજુ ફાયદો થયો છે. આ મંજૂરીની મુદત તારીખ તા.૩૧/૦૫ના રોજ પૂર્ણ થતી



હોય હજુ વરસાદ શરૂઆત થયો ન હોવાથી આ મુદત લંબાવવામાં આવે તો હજુ ખેડૂતો માટી, મોરમ, ટાંચ પોતાના ખેતરમાં નાખી જમીન સુધારણા કરી શકે તેમ છે જેથી માટી ઉપાડવાની મુદત વધારવામાં આવે તેવી પૂર્વ મંત્રી બાવકુંભાઈ ઉંધાડ દ્વારા મુખ્યમંત્રી, કૃષિમંત્રી અને સિંચાઈમંત્રીને રજૂઆત કરાઈ છે.

# સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહમાં ત્રિદિવસીય સમર કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહમાં વિદ્યાર્થીની સંખ્યા વધે તે હેતુથી મુંબઈ કમિટી અને સ્થાનિક કમિટી દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જુદાજુદા શહેરોમાંથી કુલ ૩૭ બાળકો અને ૫૦ જેટલા વાલીઓ સ્થાનિક સમિતિના સભ્ય પ્રદિપભાઈ



તસવીર : સૌરભ દોશી

દોશી, જૈન સમાજના અગ્રણીઓ સહિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતા. ત્રિદિવસીય આ કાર્યક્રમમાં મુંબઈના મોટીવેશનલ સ્પીકર સમીરભાઈ વખારીયા અને ભાવનગરના ભરતભાઈ વાઘેલાની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ અને વીડિયોઝ દ્વારા આશ્રમ જીવનની પ્રણાલી મુજબની જૈન શાસનના નિયમોને અનુસરતી અને તદ્દન નિઃશુલ્ક ધોરણે ચાલતી આ જૈન સંસ્થા વિશે માહિતી આપી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

॥ શ્રી વલ્લભ ॥




જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300



ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ

હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ શ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::

નવજાત શીશુ તથા સઘન બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

# લીલીયામાં તાજેતરમાં જ બનેલ બ્લોક રોડ બેસી જતા સરકારના પૈસાનો વ્યય

લીલીયા, તા. ૨૫

લીલીયા શહેર તથા ગામડાઓમાં થોડા સમય પહેલા જ બનાવવામાં આવેલ બ્લોક રોડ બેસી જતા સરકારી પૈસાનો વ્યય થતો જોવા મળી રહ્યો છે. જે-જે સ્થળે બ્લોક બેસાડવામાં આવ્યા છે ત્યાં ખાડા પડી જતા લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને




વાહન ચાલકોને મુશ્કેલી પડે છે. ચોમાસુ હવે નજીકમાં જ હોય, આ ખાડાઓમાં વરસાદી પાણી ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ થશે અને મચ્છરજન્ય રોગોનો ફેલાવો થવાની શક્યતા નકારી શકાતી નથી. જ્યારે બીજી તરફ પાણી ભરેલા ખાડાઓ પરથી વાહનો પસાર થાય ત્યારે રાહદારીઓને છાંટા ઉડાડતા જવાના કારણે ઘર્ષણની ઘટનાઓ પણ બને તેમ છે. ત્યારે આ અંગે યોગ્ય કરવામાં આવે તેવી ગ્રામજનોમાંથી માંગ ઉઠી રહી છે.

# વડાપ્રધાનના સૌરાષ્ટ્ર પ્રવાસને લઈ અમરેલી શહેર ભાજપ દ્વારા કારોબારીની બેઠક યોજાઇ

અમરેલી, તા. ૨૫

આગામી ૨૮મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આટકોટ ખાતે મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે પધારી રહ્યા છે જેને લઈ આજરોજ અમરેલી શહેર ભાજપ દ્વારા કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બે મિનિટનું મૌન પાળી



અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ડાયરેક્ટર સ્વ. ચંદુભાઈ સંઘાણીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકરીયા, મુકેશભાઈ સંઘાણી, રાજેશભાઈ કાબરીયા, જયેશભાઈ ટાંક, ભાવેશભાઈ સોઢા, દિનેશભાઈ પોપટ, ભાવનાબેન ગોંડલીયા, ચંદુભાઈ રામાણી સહિત વિવિધ સમિતિઓના ચેરમેનો, પૂર્વ પ્રમુખો, હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.


# અમરેલી બીઆરસી ભવન ખાતે ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન

અમરેલી, તા. ૨૫

અમરેલી બીઆરસી ભવન ખાતે આગામી તા. ૩૦મી મેના રોજ ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેના માટે આજરોજ અધિક કલેક્ટર વાળાના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામાં આવી હતી. આ સેમિનારમાં તકનિકિ, મેડીકલ અને રોજગાર સહિતના તજજ્ઞ દ્વારા કારકિર્દી ઘડતર અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે. લગભગ ૧૫૦ થી ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સેમિનારમાં ભાગ લેનાર છે.

આ ઉપરાંત આગામી ૧લી જૂને કલાપી હાઈસ્કૂલ-લાઠી, કમળશી હાઈસ્કૂલ-બાબરા અને અમૃતબા વિદ્યાલય લીલીયા ખાતે, તા. ૨-જૂને ટી.જે.બી. હાઈસ્કૂલ-રાજુલા, પારેખ મહેતા હાઈસ્કૂલ-જાફરાબાદ, તા. ૩-જૂને વ્રજ વિદ્યાલય-કુંકાવાવ, મેઘાણી હાઈસ્કૂલ-બગસરા, દામાણી હાઈસ્કૂલ-ધારી ખાતે માર્ગદર્શન સેમિનાર યોજાનાર છે. જે સેમિનાર યુટ્યુબ પર પણ નિહાળી શકાશે.

# જાફરાબાદ કાઠી ક્ષત્રિય સમાજના આગેવાનની મુખ્યમંત્રી સાથે મુલાકાત



રાજુલા, તા. ૨૫

જાફરાબાદ કાઠી ક્ષત્રિય સમાજના યુવા આગેવાન દિગ્વિજયભાઈ વરૂએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. તે દરમિયાન રાજુલા-જાફરાબાદના વિવિધ પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરી હતી.

# સાવરકુંડલા ટાઉન પીઆઈની બદલી થતા વિદાયમાન અપાયું

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા ટાઉન પોલીસ મથકમાં ફરજ બજાવતા પીઆઈ એન.કે. ગોસ્વામીની ગીરસોમનાથ જિલ્લામાં બદલી થતા આજરોજ તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ તકે સાવરકુંડલા ડિવિઝનના ડીવાયએસપી ચૌધરી, પીઆઈ વાઘેલા, વેપારીઓ દેવચંદભાઈ



કપોપરા, કરશનભાઈ ડોબરીયા સહિત પોલીસ સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો અને પીઆઈ ગોસ્વામીને વાજતે ગાજતે વિદાય આપવામાં આવી હતી.

## અવસાન નોંધ

**કુંકાવાવ મોટી**

દ.સો.વ. શાહ દેવચંદ વલ્લભજીભાઇના પુત્ર સ્વ. નંદલાલભાઇ વળાટીયાના પત્ની જયાબેન (ઉ.વ.૮૫) તે સ્વ. જયસુખભાઇ, સ્વ. નાનાલાલભાઇ વૃજલાલભાઇ, સ્વ. પ્રભાવતીબેન નરસીદાસ રાજકોટીયા, ગં. સ્વ. વિલાસબેન દ્વારકાદાસ લોટીયા, સ્વ. દમયંતીબેન છગનલાલ સેલારકા તથા હંસાબેન હરીશભાઇ સાંગાણીના ભાભી, જ્યોત્સનાબેન જગદીશભાઇ ગાંધી, ઇલાબેન રાજેશભાઇ સાંગાણી, મીનાબેન સુનીલભાઇ શાહ, કમલેશભાઇ, હરેશભાઇ, વિપુલભાઇના માતુશ્રી તથા રાજન, હિરલ, ચિંતન, જયના દાદી તેમજ કોટડાપીઠા નિવાસી સ્વ. નરભેરામભાઇ સાંગાણીના પુત્રી તા. ૨૩ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. જેમનું બેસણુ તા. ૨૭ ને શુક્રવારના રોજ સાંજે ૩ થી ૬ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

# વડાપ્રધાનના કાર્યક્રમના આયોજન અર્થે જિલ્લા કલેક્ટર દ્વારા બેઠક

અમરેલી, તા. ૨૫

૩૧મી મેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો હિમાલય, શિમલા ખાતે કાર્યક્રમ યોજાનાર છે. જેમાં વર્ચ્યુઅલ રીતે અમરેલીના નાગરિકો પણ જોડાવાના છે. જેના આયોજન અર્થે અમરેલી જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. જેમાં કલેક્ટરે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમને સફળ બનાવવા મહિલા ખેડૂતો, ખેડૂતો, આશાવર્કર, આવાસ યોજનાના લાભાર્થીઓ, માતૃવંદના, આરોગ્ય સહિત વિવિધ કચેરીના લાભાર્થીઓ જોડાશે. તેમજ જિલ્લાના પદાધિકારીઓ, પંચાયતી રાજના પ્રતિનિધિઓ, બેંકના લાભાર્થીઓ પણ ઉપસ્થિત રહેશે.

કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ખેતીવાડી, આરોગ્ય સહિતના સંબંધિત ખાતાના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં વહાલી દીકરી યોજનાનો ૨,૦૫૨ લાભાર્થીઓએ લાભ લીધો

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં વહાલી દીકરી યોજનાનો જાન્યુઆરી-૨૦૨૨થી મે-૨૦૨૨ દરમિયાન ૨,૦૫૨ લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો. આ યોજના અંતર્ગત જિલ્લાના ૧૧ તાલુકાઓની વધુમાં વધુ દીકરીઓને લાભ મળી રહે તે માટે કેમ્પ યોજવામાં આવ્યા હતા. જેને ભારે પ્રતિસાદ મળ્યો હતો. વહાલી દીકરી યોજના અંતર્ગત તા. ૨-ઓગષ્ટ-૨૦૧૯ કે ત્યારબાદ જન્મેલી દીકરીઓને સરકાર દ્વારા રૂ. ૧.૧૦ લાખની સહાય મળી શકે છે. આ યોજના અંગે માહિતી, માર્ગદર્શન અને યોજનાકીય લાભ લેવા ઈચ્છતા લોકો જિલ્લા મહિલા અને બાળ કચેરી-અમરેલીનો સંપર્ક કરી શકે છે.


**વિદ્યાસભા ગ્રાન્ટેડ કોલેજ - ડેઈલી હાજરી જરૂરી ગેરહાજર રહેતા સ્ટુડન્ટસના - પ્રવેશ રદ થશે**

★ કમાણી સાયંસ & પ્રતાપરાય આર્ટસ કોલેજ – કે.કે.પારેખ કોમર્સ કોલેજ – મોધીબા મહિલા આર્ટસ કોલેજ – ત્રણેય ગ્રાન્ટેડ કોલેજનાં

★ FY-SY-TY માં સ્ટુડન્ટસની ડેઈલી હાજરી ફરજીયાત રહેશે – ગેરહાજર રહેતા સ્ટુડન્ટસનાં પ્રવેશ રદ થશે.

★ સરકારશ્રી અને સંસ્થાનાં નિયમ મુજબ – દરેક સ્ટાફ – દરેક તાસમાં – દરેક વર્ગની – ડેઈલી હાજરી પુરશે.

★ જેમને ભણવુ છે – ભણાવવુ છે તેમને માટે વિદ્યાસભા છે – જેમને ભણવુ નથી – ભણાવવુ નથી તેમને માટે વિદ્યાસભા નથી.

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત શ્રી અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત
★ ગ્રાન્ટેડ & સ્વનિર્ભર કોલેજ ★ સ્થળ: વિદ્યાવિહાર, વરસડા રોડ, અમરેલી Ad-410



**માતુશ્રી ડી.બી.પટેલ એજયુકેશન ટ્રસ્ટ**
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ

**પ્રતીક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ**
મહિલા નિવાસી સંકુલ
સંચાલિત

**પ્રોવિઝનલ પ્રવેશ ચાલુ છે.**

**શું આપ આપની દિકરીને ગુણવત્તા યુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?**

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ / રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો- એજ્યુકેશન માં શિક્ષણ મેળવે છે ?
- **સંપૂર્ણ મોબાઈલ ફોન પ્રતિબંધિત કેમ્પસ !**
- ટી.વી. ચેનલો. સ્માર્ટ મોબાઇલ ફોન / નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે માનસીક પ્રદુષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઇચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઇચ્છો છો ?
- આપ ઇચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માકર્સ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઇચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઇથી ઉત્તીર્ણ થઇ મોભાદાર સરકારી નોકરી કલાસ - ૧, કલાસ -૨ મેળવે તેવુ ઇચ્છો છો ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના Quality Education બદલે આપવામાં આવતું હોય
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય

આનો જવાબ છે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું"
સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ " પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ " - આટકોટ

**શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ**
ધોરણ - ૪ થી ૮
**માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ**
ધોરણ - ૯ થી ૧૦
**માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય-આટકોટ**
ધો.૧૧ થી ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ
સ્કૂલ અને હોસ્ટેલમાં પ્રવેશ વર્ષ : ૨૦૨૨-૨૩માં પ્રવેશ ચાલુ છે.

Mo. +91 96872 03855 Mo. +91 94272 31583
Mo. +91 98258 27280 Mo. +91 75674 57533

તા.ક. : જસદણ તાલુકા લેઉવા પટેલ કર્મચારી મંડળ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતી સમાજની દિકરીઓ માટે ખાસ સ્કોલર શીપ


**-//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં,અમરેલી//-**

અપીલ રજી.નં.૩૦/૨૦૨૨

અરજદાર :- શ્રી કલ્પેશભાઈ બાલુભાઈ બોસમીયા,
રે.કંસારા બજાર, મેઈન બજાર, સાવરકુંડલા, જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી, અમરેલી

**-::જાહેર નોટીસ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી કલ્પેશભાઈ બાલુભાઈ બોસમીયાએ તેઓના માતા સ્વ.રમાબેન બાલુભાઈ બોસમીયાનું મરણ તા.૧૩/૦૬/૧૯૯૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૫/૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

**શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ**
કિચન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ

ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી









# દામનગરની એસબીઆઈના એકાઉન્ટન્ટે ૨૫ લાખથી વધુની ઉચાપત કરતા ફરિયાદ

દામનગર, તા.૨૫

દામનગરમાં આવેલી એસબીઆઈ બેંકમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં પુરુષે ૨૫ લાખથી વધુની રકમની ઉચાપત કર્યાની ફરિયાદ નોંધાઈ છે. આ અંગે બેંક મેનેજર દેવેન્દ્રભાઈ રોહીદાસ પાટીલ (ઉ.વ.૩૯)એ મૂળ બિહારના દાનાપુર કૈન્ટના અને હાલ દામનગર પટેલ વાડી પાસે રહેતા રાજકુમાર વાસુદેવ શર્મા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી એસબીઆઈ બેંકમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. આરોપીએ દામનગર એસ.બી.આઈ શાખામાંથી તા.૧૮/૦૫/૨૦૨૨ થી તા.૧૯/૦૫/૨૦૨૨ દરમિયાન કોઈપણ સમયે સી.ડી.એમ. મશીનના રોકડ રૂ.૨,૫૮,૭૦૦, બેંકના કેશ એકાઉન્ટમાંથી રૂપિયા ૨,૫૦,૦૦૦ શોર્ટ કેસ તરીકે તથા કેશ પોઈન્ટ ઈન્ટરમીડીએટ એકાઉન્ટમાંથી રૂ.૨૧,૬૫,૦૦૦ સી.ડી.એમ. મશીનમાં જમા કરવાના હેતુથી મેળવી લઈ જમા કરાવ્યા નહોતા. આ રૂપિયા પોતાના અંગત ઉપયોગ માટે લઈ લીધા હતા અને તેમાંથી રૂ.૧,૫૦,૦૦૦ પરત આપી બાકીના રૂ.૨૫,૨૩,૭૦૦ ની ઉચાપત કરી હતી. દામનગર પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એચ.એચ.સેગલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રવિવારે સાવરકુંડલામાં સર્વજ્ઞાતિનાં બાળકો માટે શૈક્ષણિક માર્ગદર્શન સેમિનાર યોજાશે

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલામાં શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૯-મે ને રવિવારના રોજ સાંજે ૪:૩૦ કલાકે શ્રી લોહાણા મહાજન વાડી, સાવરકુંડલા ખાતે સર્વજ્ઞાતિના ધો. ૮ થી ૧૨ના બાળકો માટે ફ્રી શૈક્ષણિક માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓ ભાગ લે તે માટે જાહેર આમંત્રણ પાઠવાયું છે.

સેમિનારમાં રાજકોટના તજજ્ઞો રોનક રાવલ તથા અર્જુનભાઈ દ્વારા ધો. ૧૦ પછીના ઉપયોગી અભ્યાસક્રમોની માહિતી, સફળ કારકિર્દીના નવા રસ્તાઓ, કોરોના પછી બાળકો અને વાલીઓની મનોસ્થિતિ સુધારવાના ઉપાયો, સરકાર દ્વારા વિદ્યાર્થીઓને મળવાપાત્ર શૈક્ષણિક લોનની તમામ માહિતી આપવામાં આવશે. સેમિનારમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જેના માટે મો. ૯૦૯૯૯ ૬૮૯૫૨ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દેશી તમંચા સાથે વાવેરાનો યુવક ઝડપાયો

અમરેલી, તા.૨૫





અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર હથિયારો રાખતાં ઈસમોને પકડી પાડવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અમરેલી એલસીબી ટીમ પીપાવાવ મરીને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ફોર-વે ચોકડી પાસે એક ઈસમ ગેરકાયદેસર હથિયાર સાથે હોવાની બાતમી મળી હતી. જે બાદ તેને તમંચા સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપી જસુ ડાયાભાઈ ચાવડા (ઉ.વ.૨૯) રાજુલા તાલુકાના વાવેરા ગામનો છે. તેની પાસેથી રૂપિયા ૨૫૦૦ની કિંમતનો દેશી બનાવટનો તમંચો મળી આવ્યો હતો. આરોપી સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશન સહિતના કુલ ત્રણ ગુનાઓ નોંધાયા છે.

# માલકનેસ ગામેથી ૧૧ જુગારીઓ ૬૫,૬૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

## જિલ્લામાં બે સ્થળેથી જુગારી ઝડપાયા

અમરેલી, તા.૨૫



અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૧૪ જુગારીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. ખાંભા તાલુકાના જુના માલકનેસ ગામે મફતપરા વિસ્તારમાં ખોડિયાર માતાના મંદિર પાસે કેટલાક ઈસમો જુગાર રમતાં હોવાની મળેલી બાતમી બાદ એલસીબી ટીમે રેઈડ પાડી હતી. જેમાં ૧૧ ઈસમો ૨૪૬૫૦ રોકડા, ૧૦ મોબાઈલ મળી કુલ ૬૫,૬૫૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. વડિયાના ભુખલી સાંથળી ગામે સ્કૂલની પાછળ શેરીમાં જાહેરમાં હારજીતનો જુગાર રમતાં ત્રણ ઈસમો રોકડા ૧૮૦૦ સાથે ઝડપાયા હતા. વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ એમ. જે.અડતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# નાના ભમોદ્રા ગામે સ્વામિનારાયણ મંદિરનો પાંચમો પાટોત્સવ ઉજવાયો

## સામાજિક-રાજકીય આગેવાનો, સંતો-મહંતોની બહોળી ઉપસ્થિતિ

સાવરકુંડલા, તા.૨૫



સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાંચમો પાટોત્સવ તથા પંચદિનાત્મક કથા પારાયણનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે નિષ્કુળાનંદ સ્વામિ રચિત ભક્ત ચિંતામણી કથાનું આયોજન કરાયું હતું. આચાર્યશ્રી લાલજી મહારાજે રૂડા આશીવર્ચન આપ્યા હતા અને પાર્ષદ જનંગળ ભગત વ્યાસે કથાનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા, ગામના અગ્રણી અને પૂર્વ ધારાસભ્ય ધીરૂભાઈ દુધવાળા, ગોરધનભાઈ છગનભાઈ ખુંટ, દિનેશભાઈ શામજીભાઈ પીપળીયા, લાભુભાઈ ભુરાભાઈ ખુંટ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો, હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# જામકા ગામેથી ૧૨ લીટર દેશી દારૂ પકડાયો

ખાંભા, તા.૨૫

ખાંભાના જામકા ગામેથી એક વ્યક્તિ પાસેથી ૧૨ લીટર દેશી દારૂ પકડાયો હતો. પોલીસે દારૂ સહિત ૨૬૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ધારીના સોઢાપરા ગામે રાવણી ગામના રસ્તે ખરાબાની જગ્યામાંથી દેશી દારૂ બનાવવાનો ૧૦૦ લીટર આથો મળ્યો હતો. તાતણીયા, લીલીયા અને જામકામાંથી એક-એક મળી કુલ ત્રણ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા પકડાયા હતા. અમરેલીમાં સુળિયા ટીંબાએથી એક યુવક પાસ પરમીટ વગર કેફી પીણું પીને વાહન ચલાવતાં મળી આવ્યો હતો.

# અમરેલીમાંથી રેતી ચોરીને જતું ડમ્પર ઝડપાયું

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં રેતી માફિયા સામે પોલીસ સતત કામગીરી કરી રહી છે. અમરેલીમાં રહેતો અને ડ્રાઈવિંગનો ધંધો કરતો સુજીતભાઈ ધીરૂભાઈ ધાધલ (ઉ.વ.૨૨) ડમ્પરમાં ચાર ટન રેતી ભરીને લઈ જતાં ઝડપાયો હતો. પોલીસે રેતી, ડમ્પર સહિત કુલ ૪,૦૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.કે.મોરવાડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# મહાસભા ગુજરાતના સંગઠનમાં જોડાવા પૂજારીઓને અતુલપુરી ગોસાઈની હાંકલ


અમરેલી, તા. ૨૫



હાલની પરિસ્થિતિમાં પૂજારીઓના વિવિધ પ્રશ્નોને લઈ શ્રી મંદિર પૂજારી મહાસભા ગુજરાત સંગઠનમાં જોડાવા સાધુ સમાજના કાર્યકર અતુલપુરી ગોસાઈ દ્વારા હાંકલ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, મંદિરો અને પૂજારીઓના અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા છે, જેની ચર્ચા માટે સૌ પ્રથમ સંગઠન તૈયાર કરવામાં આવે અને ત્યારબાદ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવશે. જેમાં પૂજારીઓનું ભરણપોષણ, મંદિરો માટેના ખર્ચ તથા પૂજારીઓ તરીકેના અન્ય લાભો મેળવવા માટે ચર્ચાઓ કરવામાં આવશે.

# ન્યુરોસર્જન ફેલોશિપ સર્ટીફિકેટ મેળવી સેંજલીયા પરિવારનું ગૌરવ વધારતા સન્માન

અમરેલી, તા. ૨૫




મૂળ અમરેલીના રાજસ્થળી ગામના અને હાલ સુરત ખાતે શેલબી હોસ્પિટલમાં સેવા આપતા ન્યુરોસર્જન ડો. મિલન સેંજલીયા સહિત ભારતના ૫૦ તબીબોને ન્યુરોસર્જન ફેલોશિપ સર્ટીફિકેટ આપવા માટે બોલાવવામાં આવ્યા હતા, જેમાંથી ડો. મિલન સેંજલીયાએ આ સર્ટીફિકેટ પ્રાપ્ત કરી અમરેલી જિલ્લા અને રાજસ્થળી ગામનું તથા સેંજલીયા પરિવારનું ગૌરવ વધાર્યું છે. રાજસ્થળીની કોઈપણ વ્યક્તિને ન્યુરોને લગતું કોઈપણ કામ હોય તેઓએ મદદ માટે તૈયાર હોવાની ખાતરી આપી હતી. રાજસ્થળી પટેલ યુવક મંડળ સુરત દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭,
ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિઃ એકાદશી,
તા. ૨૬-૦૫-૨૦૨૨, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૦૩
સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્રઃ રેવતી

## દૈનિક રાશિફળ

તા.૨૬-૫-૨૦૨૨ ગુરૂવાર

- મેષ : આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી રહેશે. ધંધા અને રોકાણના મામલે આજે ભાગ્ય તમને સાથ આપશે.
- વૃષભ : આજનો દિવસ તમારા માટે વિશેષ સાવચેતીનો દિવસ રહેશે અને તમારે તમારા ખાવા પીવાની ખાસ કાળજી લેવાની જરૂર છે.
- મિથુન : આજનો દિવસ તમારા માટે વિશેષ રહેશે. થોડી મહેનતથી તમને વિશેષ પ્રકારની સફળતા મળશે.
- કર્ક : જીવનસાથી સાથે આજે તમે બહાર જવાનો કાર્યક્રમ બનાવી શકશો. આજે તમારો પરિવાર દિવસભર ઉત્સાહિત રહેશે.
- સિંહ : દરેક કિસ્સામાં દિવસની શરૂઆત થોડી ધીમી રહેશે. ખૂબ પ્રયત્નો કર્યા પછી જ કોઈ પણ સંજોગોમાં સારા પરિણામ પ્રાપ્ત થશે.
- કન્યા : આજે દરેક બાબતમાં ખાસ તકેદારી રાખશો અને આસપાસના લોકો સાથે દલીલોમાં ન ઉતરવું.
- તુલા : પ્રામાણિકપણે બાંધેલા સંબંધો લાંબા સમય સુધી ચાલશે. આજે કેટલાક લોકોનું નસીબ ચમકી શકે છે.
- વૃશ્ચિક : તમારા માટે આજનો દિવસ સારો છે. જેઓ રાજકારણ સાથે સંકળાયેલા છે તેઓને આજે વિશેષ સફળતા મળશે.
- ધનુ : ધન રાશિવાળાઓ માટે આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને તમે સખત મહેનત કર્યા પછી જ કોઈ પરિણામ પર પહોંચી શકશો.
- મકર : આજનો દિવસ તમારા માટે ખુશીનો દિવસ છે. આજે તમને લાભની વારંવાર તક મળશે. તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે.
- કુંભ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે દરેક બાબતમાં ખૂબ જ સક્રિય રહેશો.
- મીન : આજે નાના ઝઘડાઓ તમારા ઘરના પરિવાર અથવા ઓફિસમાં તમારું માથું ઉંચુ કરી શકે છે.

# રામગઢ પાસે એસટી બસે બાઈક સવારને ટક્કર મારી

સાવરકુંડલા, તા.૨૫

અમરેલીમાં રહેતો એક વેપારી બાઈક લઈને મહુવા દવાખાને જતો હતો ત્યારે એસટી બસે ટક્કર મારી હતી જેમાં તેમને ઈજા થઈ હતી. બનાવ અંગે જીકરભાઈ મુસાભાઈ શેખાણી (ઉ.વ.૬૨)એ એસ.ટી. બસ નંબર જીજે-૧૮-ઝેડ-૫૯૮૨ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની વિગત પ્રમાણે, જીકરભાઈ તેમનું બાઈક લઈ તેના સાઢુભાઈની દીકરીને મહુવા દવાખાને લઈ જતા હતા. તેઓ બાઢડા ગામ પસાર કરીને રામગઢ ગામ નજીક પહોચ્યા ત્યારે સામેથી આવેલી એસ.ટી.બસના ચાલકે ઠોકર મારી હતી. જેમાં તેમને બંનેને ઈજા થઈ હતી.

# સાવરકુંડલા પંથકમાં બે પુરુષે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલા પંથકમાં બે લોકોએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. સાવરકુંડલા શહેરમાં રહેતા મોસીનભાઈ હાસનભાઈ બાવનકા (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, બસીરભાઈ હાસમભાઈ બાવનકા(ઉ.વ.૩૦)ને આર્થિક મુંઝવણ રહેતી હતી. જેના ઉપર પહેલાનું લેણું પણ હોવાથી ચિંતા કોરી ખાતી હતી. જેના કારણે તેણે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. યુવકના મોતના પગલે શોકનો માહોલ છવાઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ માધવજીભાઈ લક્ષ્મણભાઈ વધુ તપાસ કરી રહ્યા છે. મોટા જીંજુડા ગામે રહેતા સંજયભાઈ બુધાભાઈ દેગામા (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, બુધાભાઈ મનજીભાઈ દેગામા (ઉ.વ.૫૨)ને પેરાલીસીસની બીમારી હતી અને તેની દવા ચાલુ હતી. જેનાથી કંટાળી જઈ ઝાડની ડાળી સાથે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ બી.કે. રાણા વધુ તપાસ કરી રહ્યા છે.






**તંત્રી સ્થાનેથી**

# હવે અમેરિકાને અહિંસાનું મહત્વ સમજાય છે!

સમાજ કે પરિવારમાં અહિંસાના સંસ્કાર વગર સુખ શાંતિ શક્ય જ નથી તેમ મહાત્મા ગાંધીએ કહ્યું છે તે આજની તારીખે પણ બરાબર લાગુ પડે છે. અમેરિકા જેવા વિકસિત દેશ પણ સ્વીકારે છે કે સત્ય, અહિંસા અને પરિવારની ભાવના જ સર્વોપરી છે. અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં મંગળવારે બપોરે થયેલા ફાયરિંગમાં સ્કૂલનાં ૧૮ બાળક સહિત ૨૧ લોકોનાં મોત થયાં છે. ટેક્સાસના ઉવાલ્ડેમાં રોબ એલિમેન્ટરી સ્કૂલમાં ૧૮ વર્ષના યુવકે અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં ૧૩ બાળક સહિત સ્કૂલના સ્ટાફ અને પોલીસકર્મી પણ ઘાયલ થયા છે, જોકે પોલીસે પણ હુમલાખોરને ઠાર કરી દીધો છે. આ ઘટના પછી અમેરિકન પેરેન્ટ્સ ખૂબ આઘાતમાં છે. ઘણા પેરેન્ટ્સે તો બાળકોને સ્કૂલમાં ના મોકલવાનો નિર્ણય લીધો છે. હુમલા પછી સ્કૂલ પહોંચેલા પેરેન્ટ્સ તેમનાં બાળકોની સલામતી માટે પ્રાર્થના કરતા દેખાયા હતા અને તેઓ એકબીજાને ગળે વળગીને રડતા હતા. એ ઉપરાંત રોબ એલિમેન્ટરી સ્કૂલમાં ભણતા બાળકની માતાનું કહેવું હતું કે તે હવે કદી તેના દીકરાને ભણવા માટે સ્કૂલમાં નહીં મોકલે. હુમલા પછી પેરેન્ટ્સ બાળકોની સલામતીની પ્રાર્થના કરતાં જોવા મળ્યા હતા. અમેરિકાના એક ૧૮ વર્ષના કિશોરે ગોળીબાર કર્યો અને અનેક લોકોની હત્યા કરી તેનાથી વિશ્વભરમાં સનસનાટી મચી છે. અમેરિકાના પ્રમુખ પણ આથી દુઃખી થયા છે. વિશ્વભરમાં જે રીતે બાળકના કુમળા મનમાં અહિંસાના વિચારોનું રોપણ કરવામાં આવી રહ્યું છે તેનું આ સીધું પરિણામ છે. ખાસ કરીને મોબાઈલ ઉપરની જે હિંસક અને ઉત્તેજિત ગેઈમો છે તેની ખૂબ જ માઠી અસર બાળકોના કુમળા મન પર પડે છે. ખાસ કરીને અમુક ગેમો એવી છે કે જેમાં બાળકો આત્મહત્યા પણ કરે છે. જ્યારે હિંસાનો અતિરેક તેના મગજમાં થાય છે ત્યારે અમેરિકા જેવી ઘટનાઓ બને છે. ૧૮ વર્ષના કિશોરે પહેલા પોતાના દાદીને ગોળી મારી હતી અને ત્યાર બાદ તે રોબ એલિમેન્ટ્રી શાળાએ પહોંચ્યો હતો. ટેક્સાસના ઉવાલ્ડે ખાતે પ્રાઈમરી શાળામાં બનેલી ગોળીબારની ઘટનામાં મૃતકઆંક વધીને ૨૧ થઈ ગયો છે. મૃતકોમાં ૧૮ બાળકો સહિત અન્ય ૩ લોકોનો સમાવેશ થાય છે. ૧૮ વર્ષીય બંદૂકધારીએ મંગળવારે ટેક્સાસ ખાતેની એક પ્રાઈમરી શાળામાં આડેધડ ગોળીબાર કર્યો હતો. સ્ટેટ ગવર્નર ગ્રેગ એબટના કહેવા પ્રમાણે શૂટરની ઓળખ ૧૮ વર્ષીય સલ્વાડોર રામોસ તરીકેની સામે આવી છે. તે સ્થાનિક અમેરિકી નાગરિક છે. એવી આશંકા છે કે, પહેલા તેણે પોતાના દાદીને ગોળી મારી હતી અને ત્યાર બાદ તે રોબ એલિમેન્ટ્રી શાળાએ પહોંચ્યો હતો. તેના પહેલા તેણે પોતાની ગાડી છોડી હતી. તે પોતાના સાથે એક હેન્ડગન અને સંભવતઃ રાઈફલ લઈને આવ્યો હોવાની આશંકા છે. ઘટના સ્થળેથી તેનો મૃતદેહ પણ મળી આવ્યો છે અને રિસ્પોન્ડિંગ ઓફિસરે તેને ગોળી મારી હોવાનું જણાઈ રહ્યું છે. અમેરિકાનું ગન **culture** ક્યાં જઈને અટકશે તે કોઈ કહી શકે તેમ નથી. વિશ્વના વિકસિત આ દેશની અંદર બાળકો માટે હિંસક સંસ્કારો પેદા થયા છે તેને માટે સૌથી પહેલા ત્યાંની સરકાર અને મા-બાપ ખાસ જવાબદાર છે. હથિયારનો છૂટથી અને આડેધડ ઉપયોગ કરવામાં આવતા આવી ઘટનાઓ બને છે. ડિસિપ્લિનની અંદર અમેરિકા જગતની અંદર નંબર વન ગણાય છે આમ છતાં નાના બાળકોના હાથમાં ઘાતક હથિયારો આવે છે તે અત્યંત ખેદ સાથે વિચારવા જેવી બાબત છે. ત્યાં ઘાતક હથિયારોનો આડેધડ ઉપયોગ થાય છે તે તેને કંટ્રોલ કરવામાં આવે તે જરૂરી છે. આપણા દેશમાં પોતાની જાતને ડોન સમજનારા લોકો વાર તહેવારે અને લગ્ન પ્રસંગોમાં ઉત્સાહના અતિરેકમાં આવી જઈને હવામાં બંદૂકના ભડાકા કરે છે તેની ધરપકડ થાય છે આ બાબતમાં આપણા દેશમાં કાયદો કડક છે. હજુ આપણા દેશના બાળકોએ હાથમાં હથિયાર પકડ્યા નથી પરંતુ જો હિંસાને ઉત્તેજન આપે તેવી ગેમો ચાલુ રહેશે તો આપણા સમાજમાં પણ આવી ઘટનાઓ બનતા વાર નહિ લાગે. ખાસ કરીને સરકારે બાળકોના કુમળા માનસ પર અસર કરતી ગેમોને તાત્કાલિક અસરથી બંધ કરવાની જરૂર છે. ભારત સરકારે ચાઈનાની ગેમોને બંધ કરી છે આમ છતાં આ ગેઈમ એક યા બીજા નવા નામથી મોબાઈલ માં ઘુસી ચૂકી છે. સરકારે ચાઈનાની જે ગેમો બંધ કરી છે, જે એપ્લિકેશન બંધ કરી છે તો બીજી બાજુ એના જેવી કે એના કરતાં પણ વધુ ભયંકર એપ્લિકેશનો આજની તારીખે લોકોના મોબાઈલમાં વિનામૂલ્યે ડાઉનલોડ થઈ રહી છે અને લોકો જોઈ રહ્યા છે. આ બધું અટકાવવામાં આવે તે જરૂરી છે નહી તો અમેરિકા જેવી હાલત આપણા દેશના બાળકોની થશે ત્યારે બાજી આપણા હાથમાંથી જતી રહેશે. આથી જ પૂજ્ય પ્રમુખસ્વામી કહેતા કે બાળકોને સંપત્તિ નહીં સંસ્કાર આપો.

# ચાઈનાની દાદાગીરીને પડકારવા ચાર મહાસત્તા એક મંચ પર!

**પ્રાસંગિક**
સુરેશ ભટ્ટ

પોતે સુપરપાવર છે એમ માનનાર ચાઈનાને કંટ્રોલ કરવા માટે જાપાનના પાટનગર ટોકિયોમાં ચાર મહાસત્તા એક મંચ પર આવી. સમુદ્ર પર અને જમીન માર્ગે વિસ્તારની નીતિ અપનાવનાર અને નાના દેશોને ધાક-ધમકી આપી બરબાદ કરનાર ચાઈનાને કદ પ્રમાણે વેતરી નાખવા માટે વિશ્વની મહાસત્તા એક મંચ પર આવી અને ડ્રેગન પડકાર ફેંક્યો છે અને એક સૂરમાં કહેવામાં આવ્યું કે ચીનની દાદાગીરી સાંખી નહીં લેવાય એમ ક્વાડ દેશોએ ચેતવણી આપી છે.

હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનના વધતા ચંચૂપાત સામે ક્વાડ દેશો એક થયા. જેમાં ભારતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં સુરક્ષાની ચિંતા, સ્વાસ્થ્ય સુરક્ષાની વ્યવસ્થા સહિતના મુદ્દાઓ પર નક્કર પ્રયાસોનું માળખું રજૂ કરાયું હતું. ચીનના દેવાના ફંદા સામે નાના દેશોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પાંચ વર્ષમાં ૫૦ અબજ ડોલરની આર્થિક સહાય કરાશે એવી જાહેરાત આ સંમેલનમાં કરવામાં આવી છે.

હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં યથાસ્થિતિ બદલવાના અને તણાવ વધારવાની કોઈપણ ઉશ્કેરણીજનક કે એકતરફી કાર્યવાહી હવે જરા પણ સાંખી નહીં લેવાય અને તેનો જડબાતોડ જવાબ અપાશે તેવી ચેતવણી ક્વાડ જૂથના નેતાઓએ ચીનને આપી હતી. આ સાથે ચીનની શાન ઠેકાણે લાવવા માટે નવી અષ્ટકોણીય ફોર્મ્યુલા સાથે ક્વાડની બેઠક પૂરી થઈ હતી. ક્વાડ બેઠકમાં હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય નિયમો આધારિત વ્યવસ્થા જાળવી રાખવા, ક્ષેત્રના વિકાસ માટે ભારત, અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયાએ સંકલ્પની પુષ્ટી કરી હતી. બેઠકમાં રશિયા-યુક્રેન યુદ્ધ, આતંકવાદ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

દુનિયામાં ચીનનું કદ વધવાની સાથે દક્ષિણ ચીન સમુદ્ર અને હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં તેની દાદાગીરી પણ વધી રહી છે. ચીને હિન્દ-પ્રશાંત ક્ષેત્ર અને દક્ષિણ-ચીન સમુદ્રમાં તેની આજુબાજુના દરેક દેશો સાથે સરહદના મુદ્દા સળગતા રાખ્યા છે. પરિણામે ચીનની વધતી તાનાશાહી સામે રચાયેલા ક્વાડ જૂથની જાપાનના ટોક્યોમાં મંગળવારે શિખર મંત્રણા યોજાઈ હતી. આ બેઠકમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકાના પ્રમુખ જો બાઈડેન, જાપાનના વડાપ્રધાન ફૂમિયો કિશિદા અને ઓસ્ટ્રેલિયાના નવા ચૂંટાયેલા વડાપ્રધાન એન્થની અલ્બનીસે હિન્દ-પ્રશાંત ક્ષેત્રના વિકાસ અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

ક્વાડ નેતાઓની બીજી વ્યક્તિગત બેઠક પછી ચારેય દેશના નેતાઓએ છ પાનાનું સંયુક્ત નિવેદન જાહેર કર્યું હતું, જેમાં હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં સુરક્ષાની ચિંતાઓથી લઈને સ્વાસ્થ્ય સુરક્ષાની વ્યવસ્થા અને ભવિષ્યની ટેક્નોલોજીથી લઈને નાણાકીય સંસાધનોની વ્યવસ્થા સુધીના અનેક મુદ્દાઓ પર નક્કર પ્રયાસોનું માળખું રજૂ કરાયું હતું.

ક્વાડ દેશોએ હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં સમુદ્રી પરિવહન માટે યુએનસીએલઓએસ જેવા આંતરરાષ્ટ્રીય નિયમોના પાલન, પૂર્વીય તથા દક્ષિણ ચીન સમુદ્રમાં આવાગમનની આઝાદી અને હવાઈ ક્ષેત્રમાં પરિવહનની સ્વતંત્રતા માટે કટિબધ્ધતા વ્યક્ત કરી હતી. ક્વાડ દેશોએ હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ટાપુ દેશો સાથે પણ ભાગીદારી મજબૂત કરવા પર ભાર મૂક્યો છે. એટલે કે ક્વાડ દેશો હવે સોલોમન ટાપુ સાથે સૈન્ય સમજૂતી જેવા ચીનના પગલાંઓનો રસ્તો પણ બંધ કરવા માગે છે.

ક્વાડ દેશોએ આતંકવાદને પોષનારા પાકિસ્તાનને પણ આકરો સંદેશ આપ્યો છે. સંયુક્ત નિવેદનમાં આતંકવાદની ટીકા કરાઈ છે ત્યારે ૨૬/૧૧ના મુંબઈ હુમલા તેમજ પઠાણકોટ હુમલાની ઝાટકણી કાઢતા સરહદ પારના આતંકવાદ વિરુદ્ધ સાથે મળીને કાર્યવાહી કરવાનો પણ સંદેશ અપાયો છે. વધુમાં હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં માનવીય આપત્તિઓથી લઈને ગેરકાયદે માછીમારી પર નિયંત્રણ લાવવા માટે સહયોગ વધારવા નવું માળખુ આઈપીએમડીએ તૈયાર કરાયું છે. તેના માટે ક્વાડ દેશો અને તેમના ક્ષેત્રીય કેન્દ્રો સહયોગ કરશે. તેઓ પ્રશાંત ક્ષેત્રના ટાપુ દેશોને ટેક્નોલોજી અને ટ્રેનિંગ સપોર્ટ પણ આપશે.

કોરોના મહામારીના કારણે દુનિયામાં મેડિકલ સામાન અને દવાઓનો પૂરવઠો ખોરવાઈ જતાં સ્વાસ્થ્ય સુરક્ષા સામે પડકારો ઊભા થયા છે. એવામાં ક્વાડ દેશોએ કોરોના રસી માટે અત્યાર સુધીમાં ૫.૨ અબજ ડોલર આપવાના સંકલ્પ સાથે ૬૭ કરોડ રસી પૂરી પાડી છે. વૈશ્વિક સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે ક્વાડ જૂથે પેન્ડેમિક પ્રિવેન્શન, પ્રીપેર્ડનેસ, રિસ્પોન્સ (પીપીઆર)ની રણનીતિ પર આગળ વધવાની તૈયારી



કરી છે. હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે પાંચ વર્ષ દરમિયાન ૫૦ અબજ ડોલરની આર્થિક સહાય પૂરી પડાશે. આ સિવાય ચીનના દેવાના ફંદા સામે વૈકલ્પિક નાણાકીય વ્યવસ્થાને પારદર્શી બનાવવા માટે ક્વાડ ડેટ મેનેજમેન્ટ રિસોર્સ પોર્ટલ પણ શરૂ કરાશે.

જાપાનના સંરક્ષણ મંત્રી નોબુઓ કિશીનો દાવો છે કે ચાઈનાની કોઈપણ હરકતને હવે બિલકુલ સાંખી નહીં લેવાય. ક્વાડ બેઠક પાસે જ ચીન-રશિયાના ફાઈટર વિમાનો સંયુક્ત અભ્યાસ હાથ ધર્યો હતો. રશિયા અને ચીને નવેમ્બર પછી ચોથી વખત જાપાની સરહદ નજીક લાંબા અંતરના ઉડ્ડયન કર્યા હતા. દક્ષિણ ચીન સમુદ્ર અને હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં ચીનની વધતી દાદાગીરીનો સામનો કરવા રચાયેલા ક્વાડ જૂથની ટોક્યોમાં બેઠક ચાલી રહી હતી તેવા સમયે જ ચીન અને રશિયાના ફાઈટર વિમાનોએ બેઠક સ્થળ નજીકના વિસ્તારમાં સંયુક્ત અભ્યાસ કર્યો હતો તેમ જાપાને મંગળવારે જણાવ્યું હતું.

જાપાનના સંરક્ષણ મંત્રી નોબુઓ કિશીએ કહ્યું કે તેમની સરકારે રશિયા અને ચીન સમક્ષ આ ફાઈટર વિમાનોના સંયુક્ત અભ્યાસ અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી છે. અમેરિકા, ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાનના પ્રમુખ-વડાપ્રધાનો પ્રાદેશિક વિસ્તારની સુરક્ષા અંગે વાતચીત કરવા જાપાનમાં બે દિવસના પ્રવાસે છે. તેમણે ઉમેર્યું હતું કે, જોકે, આ ફાઈટર વિમાનોએ હવાઈ સરહદનો ભંગ કર્યો નહોતો, પરંતુ નવેમ્બર પછી ચોથી વખત રશિયા અને ચીને જાપાનની સરહદ નજીક લાંબા અંતરના ઉડ્ડયનનો સંયુક્ત અભ્યાસ કર્યો છે, જે ચિંતાજનક બાબત છે.

કિશીએ જણાવ્યું કે, ચીનના બોમ્બ ફેંકવા સક્ષમ બે વિમાનો અને રશિયાના બે ફાઈટર વિમાનોએ જાપાનના સાગરમાં સંયુક્ત અભ્યાસ કર્યો હતો અને તેમણે પૂર્વીય ચીન સાગર તરફ ઉડ્ડયન કર્યું હતું. સેન્ટ્રલ જાપાનથી દૂર ઉત્તરીય કોકાઈડોથી નાટો ટાપુઓ તરફ રશિયાના એક વિમાને માહિતી એકત્ર કરનારું વિમાન પણ મોકલ્યું હતું. ટોક્યોમાં ક્વાડ દેશોની બેઠક ચાલી રહી હતી તેવા સમયે ચીન અને રશિયાના આ પ્રકારના પગલાંને 'ઉશ્કેરણીજનક' ગણાવાયું છે.

આ સંમેલનમાં ભારતે ક્વૉડ સમિટમાં ચીનને સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે શુભત્વના શક્તિરૂપ આ સંગઠન છે. આ સંગઠન હિન્દ પ્રશાંત ક્ષેત્રને વધુ સારૂં બનાવે છે, અમારો પારસ્પરિક વિશ્વાસ લોકતાંત્રિક શક્તિઓને નવી ઊર્જા આપે છે


કોવિડ-૧૯ના પડકારો છતાં, ક્વાડનો પ્રસાર વ્યાપક થઈ રહ્યો હોવા અંગે નરેન્દ્ર મોદીએ (મંગળવારે) જણાવ્યું હતું કે અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા સહિત ક્વાડના સભ્ય દેશોનો પારસ્પરિક વિશ્વાસ અને દ્રઢ સંકલ્પ લોકતાંત્રિક શક્તિઓને નવી ઉર્જા અને ઉત્સાહ આપી રહ્યાં છે.

પોતાની જાપાન-યાત્રાના બીજા દિવસે વડાપ્રધાન મોદીએ ક્વાડ દેશોની શિખર-મંત્રણામાં ભાગ લીધો હતો. આ પૂર્વે મોદી જાપાન પહોંચ્યા હતા. ત્યારે જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદાએ તેઓનું સ્વાગત કર્યું હતું. ક્વાડ લીડર્સ સમિટ શરૂ થઈ તે પૂર્વે પોતાનાં ઉદ્‌ઘાટન પ્રવચનમાં નરેન્દ્ર મોદીએ કહ્યું કે ક્વાડે આટલા ઓછા સમયમાં દુનિયા સમક્ષ પોતાનું મહત્ત્વનું સ્થાન બનાવી દીધું છે. આજે ક્વાડનો વ્યાપ વધુ પ્રસરી રહ્યો છે. તેની રચના જ પ્રભાવી બની રહી છે. અમારો પારસ્પરિક વિશ્વાસ અને અમારો સંકલ્પ લોકતાંત્રિક શક્તિઓને નવી ઊર્જા અને ઉત્સાહ આપી રહ્યો છે. હિન્દ પ્રશાંત ક્ષેત્રે માટે ક્વાડ એક રચનાત્મક કાર્યસૂચિ સાથે આગળ વધી રહ્યું છે. જે વિશ્વમાં એક શુભ-શક્તિ તરીકે, પોતાની છબી વધુ ઉજ્જવળ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ શબ્દો જો બાયડન, જાપાનના વડાપ્રધાન ફુમિયો કીશીદા અને ઓસ્ટ્રેલિયાના નવ નિર્વાચિત વડાપ્રધાન એન્થની અલ્બાનિઝની ઉપસ્થિતિમાં કહ્યા હતા. તેઓએ વધુમાં કહ્યું હતું કે, આપણે વેક્સિન વિતરણ, ઋતુ પરિવર્તન અને આપૂર્તિ શ્રૃંખલાને વધુ સ્થિતિસ્થાપક બનાવવામાં, તેમની આપત્તિઓનો સામનો કરવામાં આર્થિક સહકાર તથા કોવિડ મહામારીને લીધે ઉત્પન્ન થયેલી પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવામાં સમન્વય વધાર્યો છે. ક્વાડ દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રમાં સહકાર સ્થાપવા ઉપરાંત હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સ્થાપવામાં પણ યોગદાન આપ્યું છે. આ શિખર પરિષદમાં યુક્રેનનો મુદ્દો ઉઠાવતાં અમેરિકાના પ્રમુખ જો બાયડેને કહ્યું હતું કે યુક્રેન સંકટ એક વૈશ્વિક મુદ્દો છે માત્ર પ્રાદેશિક નથી. આ માત્ર યુરોપીય મુદ્દો જ નથી રહ્યો, વૈશ્વિક મુદ્દો બની રહ્યો છે. આ પરિષદ એવા સમયે યોજાઈ રહી છે કે જ્યારે ચીન અને ક્વાડ દેશો વચ્ચેના સંબંધો છેલ્લાં કેટલાંક વર્ષોથી તંગ બની રહ્યા છે તેનું કારણ તે છે કે ચીન લોકતાંત્રિક મૂલ્યોને સતત પડકાર આપી રહ્યું છે. તેમજ આક્રમક વ્યાપારી નીતિ અપનાવી રહ્યું છે. આથી જ બાયડને દીર્ઘદ્રષ્ટિ વાપરી સોમવારે ઈન્ડો પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્કની રચના કરતાં જણાવ્યું હતું કે, તેનો હેતુ સ્વચ્છ ઊર્જા અને આપૂર્તિ શ્રૃંખલાને વધુ સ્થિતિસ્થાપક બનાવવાનો છે, અને ડિજિટલ વ્યાપાર જેવાં ક્ષેત્રોમાં સમાન વિચારધારાવાળા દેશો વચ્ચે ગાઢ સહકાર સ્થાપવાનો છે. આ ઈન્ડો પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક (IPEF) સંલગ્ન કાર્યક્રમમાં ભાગ લેતાં મોદીએ કહ્યું કે આ IPEF હિન્દ પ્રશાંત ક્ષેત્રના આર્થિક પડકારોનો સામનો કરવા રચવામાં આવ્યું છે. તેથી રચનાત્મક માર્ગો શોધવા આપણે સક્રિય બનવું અનિવાર્ય છે.

જાપાનના આ સંમેલનને કારણે વિશ્વના રંગમંચ પર ભારતનું પ્રભુત્વ વધી ચૂક્યું છે આનાથી ચાઈનાને સીધો સંદેશ પ્રાપ્ત થયો છે કે ભારત હવે પંડિત નેહરુનું ૧૯૬૨નું નમાલું ભારત નથી પરંતુ એક શક્તિશાળી રાષ્ટ્ર છે. ભારતના આંતરખંડિય મિસાઈલો ચાઈનાના છેવાડાના શહેરોને પણ ગણતરીની મિનિટમાં નષ્ટ કરી શકે તેમ છે માટે ભારત એક તાકાત છે એવો સ્પષ્ટ સંદેશો ચાઈનાને મળ્યો છે. તદુપરાંત અમેરિકા ઓસ્ટ્રેલિયા જેવા દેશો પણ ભારતના સહયોગી છે. આ સંમેલનને કારણે વિશ્વની અંદર ચાઈનાની દાદાગીરી ખતમ કરવા માટે એક સ્પષ્ટ સંદેશ છે આ વસ્તુ વિશ્વશાંતિ માટે જરૂરી છે. યુદ્ધ દરેક વખતે આવકાર્ય નથી તેના માઠા પરિણામો જગતના લોકોએ ભોગવવા પડે છે. યુક્રેન યુદ્ધને કારણે આજે વિશ્વ પરના તમામ નાના મોટા દેશના અર્થતંત્ર પર વિપરીત અસર થઈ રહી છે તે સૌ કોઈ અનુભવી રહ્યું છે. આવા સંજોગોમાં યુદ્ધ અનિવાર્ય નથી પરંતુ જેને યુદ્ધ કરવાની તાલાવેલી જાગી છે એવા ચાઈનાને એક સ્પષ્ટ સંદેશો આ સંમેલન દ્વારા આપવામાં આવ્યો છે.

## શબ્દ સંજોગ-૧૩૫૫



**આડી ચાવી :**
(૧) સરસ્વતી (૩)
(૩) રાજસ્થાનનું એક તીર્થધામ (૪)
(૫) અંદર ગયેલું-પેઠેલું (૩)
(૭) મામાને પ્રેમથી કહે (૨)
(૮) ઠગબાજી, પ્રપંચ (૩)
(૧૧) નિશ, રાત (૨)
(૧૪) ઈંચ જેટલુ માપ (૨)
(૧૬) થોડા વાળની સેર (૨)
(૧૮) ..ભાણે મોટો લાડુ (૩)
(૨૦) ઉંમર (૨)
(૨૧) એક પક્ષી (૩)
(૨૩) ઓળ, પંક્તિ (૨)
(૨૫) પત્તો, ખબર (૨)
(૨૬) મૂડી, રોકેલું નાણું (૩)
(૨૮) ઢીલ, વિલંબ (૨)
(૨૯) બાજુ, પક્ષ (૩)
(૩૦) મોર (૩)
(૩૧) જનેતા, માતા (૧)

**ઉભી ચાવી :**
(૧) જૈનોની એક અટક (૨)
(૨) અશોકકુમારનું હુલામણું નામ (૪)
(૩) અજ્ઞેય, બ્રહ્મ (૩)
(૪) ભારતનું એક શહેર (૩)
(૬) દૂધી (૨)
(૯) એક કંદ (૩)
(૧૦) સાંભળેલું (૨)
(૧૨) સાગનું ઝાડ (૨)
(૧૩) ચોથા ભાગનું (૧)
(૧૫) એક પશુ (૩)
(૧૭) રૂપિયો,નાણું (૨)
(૧૮) લાલ, બાલ ને...... (૨)
(૧૯) ભારતનું એક રાજય (૩)
(૨૨) નિગ્રહ,સંયમ (૨)
(૨૩) જરૂરિયાત, આવશ્યકતા (૩)
(૨૪) સંદેહ, વહેમ (૨)
(૨૫) વજન (૨)
(૨૬) પ્રતાપ, તેજ (૨)
(૨૭) ખેંચાણ(અ) (૨)
(૨૮) દુર્ગન્ધ, ગંધ (૨)

## શબ્દ સંજોગ-૧૩૫૪ જવાબ

**આડી ચાવી :** (૧) નવું નકોર (૪) માનદ (૬) દમ (૭) મસાણ (૮) બલિ (૧૦) લવણ (૧૨) દોર (૧૩) સોમ (૧૪) નઈ (૧૫) નદી (૧૭) પાય (૧૯) વદન (૨૧) નરવો (૨૩) રજોદર્શન (૨૫) નમણ (૨૭) પરી (૨૯) પારસ (૩૦) કરતલ.
**ઉભી ચાવી :** (૧) નસીબ(૨) નદ (૩) કોમલ (૪) માસા (૫) નણદોઈ (૭) મણ (૯) લિસોટી (૧૧) વક્તા (૧૪) નયન (૧૫) નજર (૧૬) સુદર્શન (૧૮) રવો (૧૯) વદ (૨૦) નનમ(નમન) (૨૨) રખપત (૨૪) જોકર (૨૬) ણક(કણ) (૨૮) રીલ.

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૯૫૦ | ૨૬૯૧ |
| ઘઉં લોકવન | ૩૨૦ | ૪૬૮ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૧૩ |
| જુવાર સફેદ | ૪૯૦ | ૬૭૧ |
| જુવાર પીળી | ૩૯૦ | ૫૨૧ |
| બાજરી | ૨૭૦ | ૫૨૮ |
| તુવેર | ૧૦૪૦ | ૧૨૧૫ |
| ચણા પીળા | ૮૦૦ | ૮૫૫ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૭૫૦ |
| અડદ | ૮૦૦ | ૧૩૫૦ |
| મગ | ૧૨૧૦ | ૧૩૨૨ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૪૭૫ |
| વાલ પાપડી | ૧૮૨૫ | ૧૯૬૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કળથી | ૮૫૦ | ૧૦૦૫ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૫ | ૧૨૮૧ |
| મગફળી જીણી | ૧૦૭૦ | ૧૨૬૧ |
| અળશી | ૧૨૦૦ | ૧૪૧૦ |
| તલી | ૧૮૫૦ | ૨૦૨૦ |
| સુરજમુખી | ૯૭૫ | ૧૩૨૫ |
| એરંડા | ૧૪૦૦ | ૧૪૯૫ |
| અજમો | ૧૨૨૫ | ૨૦૦૫ |
| સુવા | ૧૧૫૦ | ૧૪૪૦ |
| સોયાબીન | ૧૧૬૦ | ૧૩૧૫ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કાળા તલ | ૧૯૮૦ | ૨૪૫૦ |
| લસણ | ૧૫૦ | ૩૫૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મરચા સુકા | ૧૭૦૦ | ૩૧૦૦ |
| ધાણી | ૨૧૫૦ | ૨૨૨૨ |
| વરીયાળી | ૧૪૭૭ | ૧૯૨૬ |
| જીરૂ | ૩૨૫૦ | ૪૦૦૦ |
| રાય | ૧૧૫૦ | ૧૨૪૦ |
| મેથી | ૧૦૧૯ | ૧૨૭૫ |
| ઇસબગુલ | ૨૩૦૦ | ૨૬૮૧ |
| કલોંજી | ૨૧૦૦ | ૨૬૯૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૫૦ |
| રજકાનું બી | ૩૯૦૦ | ૫૩૦૦ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૧૫૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૫૦ | ૬૩૦ |
| લીંબુ | ૭૫૦ | ૧૪૫૦ |
| સાકરટેટી | ૧૫૦ | ૨૫૦ |
| તરબુચ | ૧૮૦ | ૨૭૦ |
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૨૫ |
| ટમેટા | ૫૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૬૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૨૦ | ૩૪૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૫૦ |
| ગુવાર | ૫૦૦ | ૭૦૦ |
| ચોળાસીંગ | ૪૫૦ | ૬૮૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૫૦ |
| કારેલા | ૪૫૦ | ૬૫૦ |
| સરગવો | ૩૫૦ | ૫૫૦ |
| તુરીયા | ૪૩૦ | ૬૨૦ |
| કાકડી | ૪૦૦ | ૫૨૦ |
| ગાજર | ૩૫૦ | ૪૮૦ |
| ગલકા | ૨૨૦ | ૩૬૦ |
| મેથી | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૩૦ |
| આદુ | ૪૫૦ | ૬૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૪૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૨૮૦ |
| ગુંદા | ૫૦૦ | ૭૦૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૨૬૦ | ૩૬૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૧૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કોબીઝ | ૧૦૦ | ૨૦૦ |
| ટમેટાં | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સુરણ | ૩૦૦ | ૪૫૦ |
| ગાજર | ૨૯૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૧૦૦ | ૧૯૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૬૮૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૭૦ |
| કાચી કેરી | ૧૨૦૦ | ૧૮૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૯૦૦ | ૧૪૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| સરગવો | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૬૦ | ૧૨૦ |
| લસણ સુકુ | ૩૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૮૫ | ૧૩૧૯ |
| શિંગ મોટી | ૮૦૫ | ૧૩૧૦ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૭૦૦ |
| શિંગ દાણા(ફાડા) | ૧૫૫૦ | ૧૬૫૨ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૯૨ |
| તલ કાળા | ૧૦૦૦ | ૨૫૦૧ |
| તલ કાશ્મીરી | ૧૯૪૦ | ૨૦૦૩ |
| બાજરો | ૨૭૫ | ૪૨૫ |
| જુવાર | ૩૦૦ | ૬૦૫ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૩૫ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૭૪ |
| મકાઇ | ૩૭૦ | ૪૭૧ |
| મગ | ૮૪૫ | ૧૨૮૦ |
| અડદ | ૭૮૦ | ૧૫૦૫ |
| ચણા | ૬૫૦ | ૮૪૮ |
| તુવેર | ૭૦૦ | ૧૧૧૬ |
| કપાસ | ૧૩૯૫ | ૨૮૫૦ |
| એરંડા | ૧૧૫૧ | ૧૪૩૭ |
| જીરું | ૧૯૦૦ | ૩૬૬૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૦૫૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૧૧૨ |
| ધાણા | ૧૮૦૫ | ૨૧૩૧ |
| અજમા | ૧૧૨૦ | ૧૫૪૫ |
| મેથી | ૭૭૬ | ૧૦૧૯ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૮૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૩૨૫ | ૪૨૫ |
| બાજરી | ૨૫૦ | ૪૧૫ |
| ઘઉં | ૩૭૭ | ૪૯૩ |
| મગ | ૧૦૦૦ | ૧૨૭૦ |
| અળદ | ૬૮૦ | ૧૩૨૫ |
| તુવેર | ૭૦૦ | ૧૦૧૫ |
| ચોળી | ૯૫૦ | ૧૧૯૫ |
| મેથી | ૭૦૦ | ૧૧૦૫ |
| ચણા | ૮૦૦ | ૮૬૦ |
| મગફળી - જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૨૨ |
| એરન્ડા | ૧૩૩૦ | ૧૪૬૯ |
| તલી | ૧૩૫૦ | ૧૯૭૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૮૦ |
| લસણ | ૧૦૦ | ૫૦૦ |
| કપાસ | ૧૯૩૦ | ૨૫૫૦ |
| જીરૂ | ૨૬૧૦ | ૩૯૪૦ |
| અજમો | ૧૨૦૦ | ૩૨૫૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૨૯૫૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૧૫૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૩૦૦૦ |
| કલોંજી | ૨૦૦૦ | ૨૬૦૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૨૨ | ૪૫૬ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૨૬ |
| ઘઉં બી.ટી. | ૧૧૧૧ | ૨૮૪૧ |
| મગફળી જીણી | ૯૧૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૩૩૧ |
| સીંગ ફાડીયા | ૧૧૪૧ | ૧૬૬૧ |
| એરંડા/એરંડી | ૧૨૦૦ | ૧૫૦૧ |
| તલ-તલી | ૧૩૦૦ | ૧૯૮૧ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૦૦૧ |
| ઇસબગુલ | ૨૨૧૧ | ૨૪૨૧ |
| કલોંજી | ૧૩૦૧ | ૨૭૪૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૨૬૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૩૩૧ |
| મરચા સુકા પટ્ટો | ૯૦૧ | ૩૯૫૧ |
| મરચા સુકા ઘોલર | ૧૫૦૦ | ૫૫૦૧ |
| લસણ સુકું | ૧૦૧ | ૫૧૧ |
| ડુંગળી લાલ | ૨૧ | ૨૧૬ |
| ડુંગળી સફેદ | ૧૯૧ | ૪૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૮૧ |
| જુવાર | ૪૦૦ | ૫૮૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૮૧ |
| મગ | ૮૦૧ | ૧૨૬૧ |
| ચણા | ૭૫૧ | ૮૫૬ |
| વાલ | ૮૫૧ | ૧૬૧૧ |
| ચોળા/ચોળી | ૯૨૬ | ૧૧૨૧ |
| મઠ | ૧૦૪૧ | ૧૦૪૧ |
| તુવેર | ૭૮૧ | ૧૧૮૧ |
| રાજગરો | ૧૧૫૧ | ૧૧૫૧ |
| સોયાબીન | ૯૫૧ | ૧૩૪૧ |
| રાયડો | ૮૦૦ | ૧૧૭૧ |
| રાય | ૯૦૦ | ૧૨૫૧ |
| મેથી | ૬૭૬ | ૧૧૨૧ |
| સોવાદાણા | ૧૨૨૬ | ૧૨૨૬ |
| ગોગળી | ૮૯૧ | ૧૧૬૧ |
| કારીજીરી | ૧૬૭૬ | ૧૬૭૬ |
| સુરજમુખી | ૫૬૧ | ૧૩૨૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૭૦૦ | ૨૮૨૦ |
| મગફળી | ૧૧૧૧ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૧૭૫૪ | ૧૯૦૦ |
| તલ કાળા | ૧૬૪૦ | ૨૧૫૦ |
| ચણા | ૮૩૮ | ૮૫૮ |
| ઘઉં | ૪૧૮ | ૪૭૬ |
| મેથી | ૯૨૭ | ૧૦૭૩ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૫૦૦ | ૨૭૦૦ |
| ઘઉં | ૩૮૦ | ૪૨૦ |
| મગ | ૯૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૦ | ૮૭૪ |
| તુવેર | ૯૦૦ | ૧૦૫૦ |
| શિંગ ફાડા | ૧૪૦૦ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૨૪૦૫ |
| મેથી | ૭૦૦ | ૮૫૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૦૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૪૬ |
| **ધારી** | | |
| કપાસ | ૧૯૫૦ | ૨૦૨૦ |
| મગફળી | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ચણા | ૮૩૧ | ૮૬૦ |
| તુવેર | ૯૬૫ | ૯૬૫ |
| તલ | ૧૮૪૫ | ૧૮૮૦ |
| રાઈ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| મગ | ૧૦૪૦ | ૧૨૦૫ |
| શીંગ ફાડા | ૧૦૦૫ | ૧૭૨૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળીનવીજી-૨૦ | ૯૫૦ | ૧૩૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૪૯૮ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૪૯૮ |
| ચોળી | ૮૦૦ | ૧૧૩૫ |
| એરંડી | ૧૨૯૦ | ૧૪૧૨ |
| જુવાર | ૩૯૦ | ૬૪૪ |
| અડદ | ૧૨૫૦ | ૧૩૪૦ |
| મગ | ૧૦૪૦ | ૧૩૪૦ |
| ચણા | ૭૨૧ | ૮૫૦ |
| તલ કાળા | ૧૭૦૦ | ૨૪૩૨ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૨૫ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૩૮ |
| **રાજુલા** | | |
| બાજરો | ૩૬૦ | ૪૭૫ |
| જુવાર | ૪૦૦ | ૬૭૫ |
| ચોળી | ૧૪૮૦ | ૧૪૮૦ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૩૭૦ |
| મકાઇ | ૪૫૧ | ૪૫૬ |
| મગ | ૧૦૦૧ | ૧૨૫૦ |
| અડદ | ૧૦૭૬ | ૧૦૭૬ |
| તુવેર | ૫૦૦ | ૧૦૬૧ |
| ચણા | ૬૫૦ | ૯૦૦ |
| જીરૂ | ૧૦૫૧ | ૩૭૦૦ |
| શીંગ | ૮૦૦ | ૧૨૫૦ |
| શીંગદાણા | ૧૭૪૦ | ૧૭૬૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૧૦૦૦ | ૨૪૦૦ |
| એરંડી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૨૬૦૧ |
| અજમા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સુવા | ૯૨૫ | ૧૦૦૧ |
| ધાણા | ૧૭૫૧ | ૧૭૫૧ |
| સોયાબીન | ૧૨૫૨ | ૧૨૯૦ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૩૪૦ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૪૭૩ |
| ચણા | ૮૦૦ | ૮૪૬ |
| ધાણા | ૧૭૦૦ | ૧૯૦૦ |
| તુવેર | ૯૦૦ | ૯૫૦ |
| બાજરો | ૪૧૦ | ૪૫૦ |
| મકાઇ | ૫૦૦ | ૫૧૩ |
| મગ | ૧૧૦૦ | ૧૧૩૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ - મોટી | ૧૧૮૦ | ૧૩૦૦ |
| શીંગ નવી | ૧૦૫૦ | ૧૩૦૦ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૨૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૨૩ |
| તલ કાળા | ૧૯૦૦ | ૨૪૭૭ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૮૦ |
| કપાસ | ૧૯૫૦ | ૨૬૪૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૮૦ |
| બાજરો | ૩૦૦ | ૪૭૪ |
| જુવાર | ૩૫૧ | ૬૧૧ |
| મકાઇ | ૪૦૯ | ૪૯૭ |
| મગ | ૧૩૦૩ | ૧૯૨૧ |
| અડદ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૮૧૫ | ૮૬૭ |
| તુવેર | ૮૭૫ | ૧૦૨૫ |
| એરંડી | ૧૩૧૫ | ૧૪૭૪ |
| મેથી | ૯૦૦ | ૧૧૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૧૬૫ |
| ધાણા | ૧૭૫૧ | ૨૧૦૦ |
| દેશી ચણા | ૮૬૦ | ૯૬૦ |
| સોયાબીન | ૧૧૫૮ | ૧૨૯૭ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૦૨૫ | ૧૩૪૯ |
| શીંગ નં.૩૯ | ૧૦૪૦ | ૧૨૧૮ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૦ | ૧૩૩૪ |
| એરંડા | ૮૦૦ | ૧૪૫૮ |
| જુવાર | ૩૦૦ | ૬૪૪ |
| બાજરી | ૩૫૧ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૨૯ | ૭૦૫ |
| સોયાબીન | ૧૦૯૯ | ૧૨૭૩ |
| અડદ | ૭૦૦ | ૧૨૭૪ |
| મગ | ૧૧૧૮ | ૧૨૧૮ |
| મેથી | ૮૦૧ | ૧૦૫૪ |
| ચણા | ૭૦૦ | ૮૫૯ |
| દેશી ચણા | ૮૦૦ | ૯૪૧ |
| તલ સફેદ | ૧૮૭૫ | ૨૧૯૮ |
| તલ કાળા | ૧૪૫૦ | ૨૫૪૪ |
| તુવેર | ૮૦૦ | ૧૦૩૧ |
| રાય | ૧૧૪૨ | ૧૧૯૦ |
| ધાણા | ૧૨૦૦ | ૨૦૮૯ |
| ડુંગળી લાલ | ૪૦ | ૨૩૭ |
| ડુંગળી સફેદ | ૬૦ | ૧૬૦ |
| કપાસ | ૯૬૫ | ૨૫૬૧ |
| નાળીયેર | ૪૫૧ | ૧૪૮૩ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૭૨૧ | ૨૦૯૫ |
| ચણા | ૮૦૦ | ૮૩૪ |
| તલ સફેદ | ૧૮૨૫ | ૧૯૫૧ |
| મગફળી | ૮૦૧ | ૧૨૫૨ |
| જુવાર | ૫૧૦ | ૬૧૬ |
| મેથી | ૯૨૬ | ૯૨૬ |
| તુવેર | ૭૦૦ | ૭૦૦ |
| ધાણા | ૧૫૦૧ | ૧૫૦૧ |
| રાય | ૧૦૬૧ | ૧૦૬૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કેબિનેટમાં નિર્ણય : રાજ્યમાં એલપીજી ગેસ સિલિન્ડર પરવાનામાંથી ડિલરોને મળી મુક્તિ

ગાંધીનગર, તા.૨૫



ગાંધીનગરમાં આજે બુધવારે કેબિનેટ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં એક મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. LPG ગેસ સિલિન્ડર પરવાનામાંથી ડિલરોને મુક્તિ અપાશે. કોઈ અધિકારી હવે LPG ગેસ પરવાના રદ્દ નહી કરી શકે. જેનો સીધો મતલબ એ થાય છે કે પહેલા LPG ગેસના વેચાણ કરવા માટે પરવાનાની જરૂર હતી, આ આધારે જ ગુજરાતના તમામ ડિલર્સ પોતાના નોંધાયેલા ગ્રાહકોને ગેસની બોટલ આપતા હતા. પણ જો કોઈ મુશ્કેલી પડે તો પુરવઠા અધિકારીઓ તાબડતોબ ડિલર્સનો પરવાનો રદ્દ કરી નાખતા હતા. જેથી ગેસ ડિલરોને સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો અને ગ્રાહકો હેરાન થતાં હતા. પણ કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે LPG ગેસ પરવાનામાંથી મુક્તિ આપી દેવામાં આવી છે. ગુજરાત સરકારના આ નિર્ણયને ગેસ ડિલરો વધાવી રહ્યા છે.

# રાજ્યના ૮ જિલ્લાઓમાં ૨૨ કરોડના ખર્ચે નવા ચેરિટી કચેરી ભવન બનશે

ગાંધીનગર, તા.૨૫




ગુજરાતમાં આઠ જિલ્લાઓમાં ૨૨ કરોડના ખર્ચે નવા ચેરિટી કચેરી ભવન બનશે. વેરાવળ, બોટાદ, મોડાસા, સુરેન્દ્રનગર, ભૂજ, લુણાવાડા, હિંમતનગર અને મોરબીમાં આ ભવનનું નિર્માણ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૮ ચેરિટી ભવનોના ઈ-ખાતમુહૂર્ત ગાંધીનગરથી સંપન્ન કર્યા હતા. તેમણે રાજ્યના ચેરિટી તંત્રને ચાર કરોડ જેટલા ડૉક્યુમેન્ટસના ડિજિટલાઈઝેશનની ભગીરથ કામગીરી પૂર્ણ કરવા માટે આ અવસરે અભિનંદન પાઠવ્યા હતા. આ રેકર્ડનું ડિજિટલાઈઝેશન થવાથી હવે લોકોને ઘરે બેઠા પોતાના ટ્રસ્ટની માહિતી મળી રહેશે. મુખ્યમંત્રીએ વડાપ્રધાન મોદીએ આપેલા ડિજિટલ ઈન્ડીયાના સંકલ્પને પાર પાડવામાં ચેરિટી તંત્રના યોગદાનની તેમણે સરાહના કરી હતી. તેમણે જણાવ્યું કે રાજ્યના બધા જ જિલ્લાઓમાં અદ્યતન સુવિધાસભર ચેરિટી ભવનોના નિર્માણથી ટ્રસ્ટના કામ સરળતાથી અને ઝડપી થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં નોંધાયેલા સાડા ત્રણ લાખ જેટલા ટ્રસ્ટની કામગીરીના નિયમન અને મદદ માટે ચેરિટી તંત્રએ સંખ્યાબંધ સુધારાઓની પહેલ કરેલી છે. આ નવી બનનારી ચેરિટી કચેરીઓના ભવનોના કારણે લિટીગન્સને સરળતાથી ન્યાય મળશે. આધુનિક ભવનો થવાથી ચેરિટીને લગતી કામગીરી માટે લોકોને અગાઉ જે અલગ-અલગ સ્થળોએ જવું પડતું તેનું પણ નિવારણ આવશે.

# વડોદરામાં ઘર પાસે સૂઈ રહેલા શ્રમજીવી પર ટ્રકના પૈડા ફરી વળતા કરૂણ મોત

(એ.આર.એલ),વડોદરા,તા.૨૫

વડોદરા નજીક કોટાલી ગામની નવીનગરીમાં હિતેશ મેલાભાઈ રાઠોડીયા (ઉ.વ. ૫૨) છૂટક મજૂરી કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતા હતા. મોડી સાંજે તેઓ પોતાના ઘર પાસે ખાટલામાં સુઈ રહ્યા હતા. દરમિયાન નવીનગરીમાં આવેલી એક ટ્રકના ચાલકે આગળ પાછળ જોયા વગર ટ્રક હંકારતા ખાટલામાં નિંદ્રાધીન હિતેશભાઈ પર ચડી ગઈ હતી. જેમાં તેમનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજયું હતું. આ બનાવ બનતા જ નગરીના લોકો દોડી આવ્યા હતા. જ્યારે આ ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ પોલીસને થતાં પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને લાશનો કબજો લઈ કાર્યવાહી હાથ ધરી હતી. તાલુકા પોલીસે ટ્રક ચાલક સામે અકસ્માતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# સુરતમાં લગ્નપ્રસંગમાં જમણવાર બાદ ૭૦૦થી વધુને ફૂડ પોઈઝનીંગ

(એ.આર.એલ),સુરત,તા.૨૫



સુરતનાં કતારગામના ઘનશ્યામ પાર્ક સોસાયટીમાં સોમવારે લગ્ન સમારંભ યોજાયો હતો. જેનો જમણવાર મંગળવારે નિત્યાનંદ ફાર્મમાં કરવામાં આવ્યો હતો. જેમાં અંદાજે ૭૦૦ થી ૮૦૦ લોકોએ ભોજન લીધુ હતું. જમણવાર બાદ ૭૦૦ કરતા વધુ લોકોને ફૂડ પોઈઝનીંગની અસર થઈ હતી. આ ભોજન સમારંભમાં અંદાજે ૭૦૦ થી ૮૦૦ લોકોએ ઓરિયો શેક, અંગુર રબડી તેમજ કેસર કુમકુમ નામની બંગાળી મીઠાઈ ખાધા બાદ અનેક લોકોને ફૂડ પોઈઝનિંગની અસર શરૂ થઈ હતી. જો કે આટલી માત્રામાં લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે આ સ્થળ પર ઓપીડી શરૂ કરવી પડી હતી.અત્યારસુધી ૯૨ થી વધુ લોકોને જુદી જુદી હોસ્પિટલમાં દાખલ કરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સુરેન્દ્રનગરમાં પરણિતાએ નવ માસની પુત્રીની હત્યા કરી પોતે ગળાફાંસો ખાધો

સુરેન્દ્રનગર,તા.૨૫



સુરેન્દ્રનગર થાનના નવાગામનો એક હૃદય કંપાવતો કિસ્સો સામે આવ્યો છે. જેમાં પરિણીતાએ પહેલા નવ માસની પોતાની દીકરીને ગળેટુંપો આપીને પોતે પણ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. માતા ભાવુબેને કયા કારણસર આવું પગલું ભર્યું તે પાછળનું કારણ હાલ અકબંધ છે. થાનગઢ પોલીસ આ અંગે સઘન તપાસ કરી રહી છે. પોલીસે ગુનો નોંધીને માતા અને દીકરીના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે.

# ભરતસિંહ સોલંકીને મેન્ટલ હોસ્પિ.માં ચેકઅપની જરૂર : સી.આર.પાટીલ

(એ.આર.એલ) વડોદરા,તા.૨૫




રાજ્યમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. દરેક પક્ષ લોકોને રિઝવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે મંગળવારે પ્રદેશ કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીએ રામ મંદિર અંગે વિવાદિત નિવેદન આપ્યું હતું. જે બાદ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શાબ્દિક યુદ્ધ થયું હતું.

ત્યારે વડોદરામાં ભાજપના કાર્યકર્તાઓને આહવાન કરતા સી. આર. પાટીલે પણ ભરતસિંહ સોલંકી પર પ્રહાર કર્યો છે. પાટીલે પ્રહાર કરતા જણાવ્યુ હતું કે, ગઈકાલે કોંગ્રેસના એક આગેવાને રામ મંદિર પર નિવેદન આપ્યું હતું. મને એમ લાગે છે કે, તેમને મેન્ટલ હોસ્પિટલમાં લઈ જઈને ચેકઅપ કરાવવાની જરૂર છે. એ હિંદુ ધર્મના ભાઈ બહેનો સાથે રમત રમવાનું બંધ કરે. હું તેમને અહીંયાથી વોર્નિંગ આપું છું કે, જો તેઓ આવું વારેવારે કરશે તો આ હિંદુ પ્રજા તેમને પાઠ ભણાવશે. તે એમને જાણી લેવાની જરૂર છે.

# જેતપુરમાં નવી એલઈડી લાઈટો ફીટ કરવા કોંગી આગેવાનો દ્વારા રજૂઆત

જેતપુર, તા.૨૫

જેતપુર શહેરમાં નવી એલઈડી લાઈટો ફીટ કરવા બાબતે જેતપુર શહેર યુથ કોંગ્રેસ સમિતિ અને જેતપુર શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ અનીકેત બાવીસા સહિતના કોંગી આગેવાનો દ્વારા જેતપુર મામલતદારને રજૂઆત કરાઈ છે. જેમાં જણાવ્યું છે કે, ચોમાસાની ઋતુ નજીક આવી રહી હોય ત્યારે જેતપુરમાં જેતપુર-નવાગઢ પાલિકા દ્વારા નવી લાઈટો ફીટ કરવામાં બેદરકારી દર્શાવાઈ રહી છે. ઈઈએસએલ કંપનીનો કોન્ટ્રાક્ટ રદ્દ થયા બાદ નવા કોન્ટ્રાક્ટર દ્વારા નવી લાઈટો ફીટ કરવાનો સર્વે છેલ્લા ત્રણ માસથી શરૂ કરાયા હોવા છતા આજદિન સુધી લાઈટો ફીટ કરાઈ નથી. શહેરમાં લાખોના ખર્ચે લાઈટના ટાવરો ઉભા કરવામાં આવ્યા છે. બસ સ્ટેન્ડ પાસે આવેલ લાઈટનો ટાવર છેલ્લા ૨૦-૨૫ દિવસથી બંધ હાલતમાં છે. આ અંગે તંત્રને જાણ હોવા છતા કર્મચારીઓ દ્વારા લાઈટનું રીપેરીંગ કામ કરવામાં આવતું નથી. ત્યારે જેતપુર વિસ્તારના પછાત વર્ગો સહિતના એરીયાઓમાં તાત્કાલિક લાઈટો ફીટ કરી અંધારામુક્ત કરવા રજૂઆત કરી હતી.

# સુરતમાં અગ્રણી બિલ્ડર સહિત ૧૨ લોકોએ ત્રણ બેંકોમાં ૩૩.૨૫ કરોડનું કૌભાંડ આચર્યું

(એ.આર.એલ),સુરત,તા.૨૫

સુરતના વરાછાના બિલ્ડર અશ્વિન વિરડીયા, તેની પત્ની સહિત ૧૨ લોકોએ ૩ બેંકોમાં ફલેટ અને અન્ય મિલકતો મોર્ગેજ મુકી ૩૩.૨૫ કરોડનું લોન કૌભાંડ કર્યુ છે. આ કૌભાંડમાં યુનિયન બેંકના મેનેજર જૈનકીએ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ કરતાં પોલીસે બિલ્ડર, તેની પત્ની, ભાભી, બેંક અધિકારી સહિત ૧૨ સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે. હાલ આ મામલે ઈકોસેલે બિલ્ડર, પત્ની, ભાભી સહિત ૬ને પકડી પાડી જેલ ભેગા કર્યા હતા. સિંગણપોરમાં શ્રીજી કોર્પોરેશને દેવ પ્રયાગ રેસીડન્સી સોસાયટી બનાવી હતી. જેના ૬ ભાગીદારો પૈકી અશ્વિન વિરડીયાને દેવ પ્રયાગ રેસીડન્સીની બિલ્ડિંગ નં-એ-૧ના પાવર ઓફ એર્ટની આપી હતી. વર્ષ ૨૦૧૨માં બિલ્ડરે પાવરના આધારે ફલેટ મહેશ ત્રિવેદીને વેચાણ કર્યો હતો. બાદમાં બિલ્ડરે તે ફલેટ બીજીવાર તેની ભાભી અસ્મિતાને વેચાણ કર્યો હતો. બિલ્ડરે ત્રીજીવાર આ ફલેટ રાજેશ દેવાણી અને વિપુલ દેવાણીને વેચાણ કર્યો હતો. બિલ્ડરે વેચાણ કરેલા ફલેટ અને અન્ય મિલકતો મોર્ગેજ મુકી ખરીદનાર અને ૧૪ લોકોએ આસ્થા એન્ટ.ના નામે પંજાબ બેંકમાંથી ૧૦ કરોડની લોન લીધી હતી. બિલ્ડરે તે જ મિલકતો પર નાસિક મર્ચન્ટ બેંકમાંથી ૨૩ કરોડની લોન લીધી હતી. ૩ બેંકોમાંથી બિલ્ડરે, પરિવાર, વેલ્યુઅર, બેંક મેનેજર સાથે મળી ૩૩.૨૫ કરોડનુ લોન કૌભાંડ કર્યુ હતું.


**CHANGE OF NAME**

I THE UNDER SIGNED VEKARIYA RAVINDRABHAI HARJIBHAI HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM VEKARIA RAVINDRAKUMAR HARJIBHAI AND NOW ON WARDS I WOULD BE CALLED AND KHOW AS VEKARIYA RAVINDRABHAI HARJIBHAI CONCERNED MAY BE NOTED TO ALL
ADD : BAJRANG NAGAR - 2 ADAMJI ROAD AT - JASDAN DIS - RAJKOT
SD- VEKARIYA RAVINDRABHAI HARJIBHAI

**CHANGE OF NAME**

I THE UNDER SIGNED VEKARIYA KUNDANBEN RAVINDRABHAI HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM VEKARIA KUNDANBEN RAVINDRAKUMAR AND NOW ON WARDS I WOULD BE CALLED AND KHOW AS VEKARIYA KUNDANBEN RAVINDRABHAI CONCERNED MAY BE NOTED TO ALL
ADD : BAJRANG NAGAR - 2 ADAMJI ROAD AT - JASDAN DIS - RAJKOT
SD- VEKARIYA KUNDANBEN RAVINDRABHAI

**CHANGE OF NAME**

I THE UNDER SIGNED RAMANI HIREN RAMESHKUMAR HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM RAMANI HIRAN RAMESHKUMAR AND NOW ON WARDS I WOULD BE CALLED AND KHOW AS RAMANI HIREN RAMESHKUMAR CONCERNED MAY BE NOTED TO ALL
ADD - AT- KAMALAPUR TAL. JASDAN DIS - RAJKOT
SD- RAMANI HIREN RAMESHKUMAR


# ગાંધીનગરના જૂના સચિવાલયનું ચાર અબજનાં ખર્ચે કરાશે રિડેવલપમેન્ટ

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગરના જૂના સચિવાલયનું ૪ અબજનાં ખર્ચે રિડેવલપમેન્ટ કરાશે. જેને લઈ હાલના ૧૯ બ્લોકને આઠ બ્લોકમાં સમાવી લેવાશે. આ માટેનો માસ્ટર પ્લાન પણ તૈયાર કરાયો છે. જેનાં પગલે હવે ૪૬ વર્ષ જૂના સચિવાલયના જૂનવાણી સ્ટાઈલના બ્લોક તોડી પડાશે. આ પૈકીના બે બ્લોકનું બાંધકામ ૧૦૦ કરોડના ખર્ચે નજીકના સમયમાં જ શરૂ કરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા તૈયારી કરાઈ રહી છે.



**હોસ્ટેલ પ્રવેશ શરૂ**

અમરેલી જિલ્લામાં સ્કૂલ સાથે હોસ્ટેલની ઉત્તમ સુવિધા એટલે...
**શ્રીજી વિદ્યાર્થી ભુવન**
સ્કૂલ પ્રવેશ શરૂ **શ્રી સરસ્વતી વિદ્યાલય** હોસ્ટેલ પ્રવેશ શરૂ
- ટેક્નોલોજી એડેડ સ્કૂલ
- સંપૂર્ણ AC સ્કૂલ
- પોસાય તેવી ફી
- કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
- માઇન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પોગ્રામ

ધોરણ :- ૪ થી ૧૨
હોસ્ટેલની ઉત્તમ સુવિધા

દિપકભાઈ પી. વઘાસિયા, સંચાલકશ્રી
વિલાસબેન ડી. વઘાસિયા, સંચાલકશ્રી

સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે
શ્રીજી વિદ્યાર્થી ભુવન



એસ.ટી.ડીવીઝન પાસે, લાઠી રોડ, અમરેલી. મો. 63519 64273 / 70430 19727 / 94269 76642
shreejividhyarthibhuvan.com | shreejischool1234@gmail.com | ફોન : ૦૨૭૯૨-૨૪૦૦૬૭

**સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ**
**ગર્લ્સ પ્રવેશ ઉપરાંત ચાલુ સાલ થી બોયઝ પ્રવેશ**
★ ગર્લ્સ પ્રવેશ ઉપરાંત સંકુલ નાં ICSE - GSEB બોયઝ ને પ્રવેશ
★ બહાર ની સ્કૂલનાં હોશીયાર & શિસ્તબધ્ધ બોયઝ ને શરતી પ્રવેશ
★ બાયપાસ ટચ અલગ કેમ્પસ – અલગ બિલ્ડીંગ નિમાર્ણ કાર્ય ચાલુ
★ ચાર વર્ષથી ફી વધારેલ નથી – પાંચમાં વર્ષે ૧૦% ફી વધારેલ છે
★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંચાલિત ★
★ શ્રીમતી એસ.એમ.વઘાસીયા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ★ સ્થળ:– શ્રીમતિ એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨–૨૩૨૩૨૧ થી ૨૬
- Ad 037



**-જાહેર નોટીસ-**

**કોડીનારના નામદાર જ્યુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં- કોડીનાર**

ફો.પ.અ.નં-૧૩૫/૨૦૨૨
મુ.તા. -૨૭/૦૬/૨૦૨૨

**ધીરૂભાઇ દુદાભાઇ ચાવડા**
રે.-જમનવાડા ....અરજદાર

**-::વિરૂધ્ધ::-**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
તલાટી કમ મંત્રીશ્રી, જમનવાડા, તા-કોડીનાર .....સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી અધિનીયમની કલમ ૧૩(૩)મુજબ મરણની નોંધ થવા બાબત**

આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, **ધીરૂભાઇ દુદાભાઇ ચાવડા** ના માતા કાનુબેન દુદાભાઈ ચાવડા નું મરણ તા.૧૭/૦૧/૨૦૧૦નાં રોજ જમનવાડા ગામે થયેલ છે. જે અંગેની નોંધ જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેથી તે સામે કોઇને વાંધો તકરાર હોય તો અત્રેની કોર્ટમાં મું.તા.૨૭/૦૬/૨૦૨૨ નાં રોજ સવારનાં ૧૦-૩૦ કલાકે હાજર થઇ વાંધા રજુ કરવા, કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૪મી માહે ૦૫ સને ૨૦૨૨ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર સહી. આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી. રજીસ્ટ્રાર જ્યુડી.મેજી.ફ.ક. કોડીનાર



**CHANGE IN NAME**
I, the Undersigned hereby declare that I have changed my name from " SHELADIYA ROHIT DINESHBHAI " TO " SADHU HARISMARANDASJI "
Sd/- SADHU HARISMARANDASJI

**CHANGE IN NAME**
I, the Undersigned hereby declare that I have changed my name from " KAKADIYA SANKETKUMAR YOGESHBHAI " TO " SADHU HARISVARUPDASJI "
Sd/- SADHU HARISVARUPDASJI

**CHANGE IN NAME**
I, the Undersigned hereby declare that I have changed my name from " HAPANI DARSHIT LALJIBHAI " TO " SADHU DHARMPRIYDASJI "
Sd/- SADHU DHARMPRIYDASJI

**CHANGE IN NAME**
I, the Undersigned hereby declare that I have changed my name from " MAYANI VIJAYKUMAR SHANTILAL " TO " SADHU ACHYUTDASJI "
Sd/- SADHU ACHYUTDASJI

**CHANGE IN NAME**
I, the Undersigned hereby declare that I have changed my name from " VIRANI BRIJESH ASHOKBHAI " TO " SADHU HARISEVADASJI "
Sd/- SADHU HARISEVADASJI

**CHANGE IN NAME**
I, the Undersigned hereby declare that I have changed my name from " BHIMANI RONAK DINESHBHAI " TO " SADHU NIRDOSHJIVANDASJI "
Sd/- SADHU NIRDOSHJIVANDASJI

**નામ બદલાવેલ છે**
આથી મે મારૂ નામ શેલડીયા રોહિત દિનેશભાઈ માંથી બદલીને સાધુ હરિસ્મરણદાસજી રાખેલ છે.
લી.સાધુ હરિસ્મરણદાસજી

**નામ બદલાવેલ છે**
આથી મે મારૂ નામ કાકડીયા સંકેતકુમાર યોગેશભાઈ માંથી બદલીને સાધુ હરિસ્વરૂપદાસજી રાખેલ છે.
લી.સાધુ હરિસ્વરૂપદાસજી

**નામ બદલાવેલ છે**
આથી મે મારૂ નામ હપાણી દર્શિત લાલજીભાઈ માંથી બદલીને સાધુ ધર્મપ્રિયદાસજી રાખેલ છે.
લી.સાધુ ધર્મપ્રિયદાસજી

**નામ બદલાવેલ છે**
આથી મે મારૂ નામ માયાણી વિજયકુમાર શાંતિભાઈ માંથી બદલીને સાધુ અચ્યુતદાસજી રાખેલ છે.
લી.સાધુ અચ્યુતદાસજી

**નામ બદલાવેલ છે**
આથી મે મારૂ નામ વિરાણી બ્રિજેશ અશોકભાઈ માંથી બદલીને સાધુ હરિસેવાદાસજી રાખેલ છે.
લી.સાધુ હરિસેવાદાસજી

**નામ બદલાવેલ છે**
આથી મે મારૂ નામ ભીમાણી રોનક દિનેશભાઈ માંથી બદલીને સાધુ નિર્દોષજીવનદાસજી રાખેલ છે.
લી.સાધુ નિર્દોષજીવનદાસજી

# કપિલ સિબ્બલનું કોંગ્રેસમાંથી રાજીનામું સપાએ રાજ્યસભાના ઉમેદવાર બનાવ્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫



કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલ જી-૨૩ના મુખ્ય પ્રણેતા રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ૧૬મેના રોજ કોંગ્રેસમાંથી મે રાજીનામું આપી દીધું છે અને સમાજવાદી પાર્ટીએ તેમને રાજ્યસભાના ઉમેદવાર બનાવ્યા છે અને સિબ્બલે આજે સપાના સમર્થનથી રાજ્યસભાના સભ્ય તરીકે ઉમેદવારીપત્રક ભર્યું હતું. કપિલ સિબ્બલે કહ્યું કે સ્વતંત્ર અવાજ ઉઠાવવો જરૂરી છે. સાથે જ તેમણે કહ્યું કે જ્યારે અપક્ષનો અવાજ ઊંચો થશે ત્યારે લોકોને લાગશે કે તે કોઈ પાર્ટીનો અવાજ નથી. મોદી સરકારને ઘેરતા સિબ્બલે કહ્યું કે અમે વિપક્ષમાં રહીને ગઠબંધન કરવા માંગીએ છીએ જે મોદી સરકારનો વિરોધ કરે છે. તેણે કહ્યું કે હું પોતે તેના માટે પ્રયત્ન કરીશ. સિબ્બલે એમ પણ કહ્યું કે તેમને તમામ પક્ષોએ ટેકો આપ્યો છે. કપિલ સિબ્બલે પણ આઝમ ખાનના સમર્થન બદલ આભાર માન્યો હતો.

# વડીયા પંથકમાં રસ્તાના નવીનીકરણ માટે ખેડૂતોની જમીન કપાતી હોવાથી ઉગ્ર રોષ

વડીયા, તા. ૨૫



વડીયા તાલુકાના ભાયાવદર ગ્રામ પંચાયત સહિત ૩ ગામના સરપંચોએ ભેગા થઈ વાવડી રોડથી સનાળા રોડની કામગીરી માર્ગ-મકાન વિભાગ દ્વારા શરૂ કરવામાં આવતા ખેડૂતોની જમીન કપાતી હોવાથી ખેડૂતો દ્વારા આ કામ અટકાવવામાં આવ્યું હતું અને ખેડૂતોએ કલેક્ટર સહિતના અધિકારીઓને આ બાબતે લેખિત રજૂઆત કરતા બગસરા પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ સ્થળ તપાસ માટે દોડી આવ્યા હતા. વાવડી રોડથી સનાળા જતા રસ્તાની તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી છે, પરંતુ ગાડામાર્ગમાં ચોમાસા દરમિયાન પાણીનો નિકાલ હતો તેમાં તંત્ર દ્વારા ખેડૂતોને જાણ કર્યા વગર રોડની બંને સાઈડોમાં ઉંડી ગટરો કરી દેવામાં આવી છે. જેથી ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો હતો અને તંત્રની કામગીરીને અટકાવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૩ માસથી ખેડૂતો આ બાબતે વિરોધ નોંધાવી રહ્યા છે, ત્યારે તંત્રએ ખેડૂતોની માથે જમીન માપણીનો બોજ નાખી મામલો થાળે પાડ્યો હતો.

# બંગાળમાં સ્કૂલ ભરતી કૌભાંડ : પાંચ લોકો સામે સીબીઆઈની ફરિયાદ

(એ.આર.એલ),કોલકતા,તા.૨૫




સીબીઆઈએ પશ્ચિમ બંગાળ સ્કૂલ સેવા આયોગની સલાહકાર સમિતિના પાંચ સભ્યોની વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરી છે. એજન્સીનું આ પગલુ રાજય સરકારથી સહાયતા પ્રાપ્ત સ્કૂલોમાં સમૂહ સીના કર્મચારીઓની ભરતીમાં કહેવાતી અનિયમિતતાઓની તપાસ હેઠળ ઉઠાવ્યું છે એમ એક અધિકારીએ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે સીબીઆઈની એફઆઈઆરમાં સમિતિના પૂર્વ અધ્યક્ષ શાંતિ પ્રસાદ સિન્હા,સ્કૂલ સેવા આયોગ (એસએસસી) ના પૂર્વ અધ્યક્ષ સૌમિત્ર સરકાર, આયોગના પૂર્વ સચિવ અશોક કુમાર સાહા અને તેના પૂર્વ કાર્યક્રમ અધિકારી સમરજીત આચાર્યનો સમાવેશ થાય છે.તેમણે કહ્યું કે એફઆઈઆરમાં પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષા બોર્ડના અધ્યક્ષ કલ્યાણમય ગાંગુલીના નામનો પણ ઉલ્લેખ છે. અધિકારીએ કહ્યું કે સીબીઆઈએ આ અધિકારીઓ પર આપરાધિક ષડયંત્ર રચવાનું, છેંતરપીડી અને ફરજીવાડો કરવાનો આરોપ લગાવ્યો છે.

# ઘરના સમારકામ માટે રૂ. ૧૦ લાખની લોન આપશે આરબીઆઈ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૫




ભારતીય રિઝર્વ બેંકે કહ્યું હતું કે, પ્રાથમિક સહકારી બેંક મહાનગરોમાં લોકોને પોતાના મકાનના રિનોવેશન માટે અથવા તો તેમાં ફેરફાર કરવા માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન આપી રહી છે. આ નિર્ણય આરબીઆઈએ ફક્ત પ્રાથમિક સહકારી બેંકો માટે કર્યો છે. આરબીઆઈના આ નિર્ણયથી એ લોકોને રાહત મળશે, જે ઘરના રિનોવેશન માટે જેમ તેમ કરીને ક્યાંકથી પૈસાની વ્યવસ્થા કરતા હોય છે. આ અગાઉ આવી બેંકો માટે મકાન રેનોવેશન માટે લોનની મર્યાદામાં સંશોધન સપ્ટેમ્બર ૨૦૧૩માં કરવામા આવ્યું હતું.

# જમ્મુ - કાશ્મીરમાં ૩ આતંકીઓને ઠાર મરાયા, એક જવાન શહીદ

(એ.આર.એલ),શ્રીનગર,તા.૨૫



જમ્મુ-કાશ્મીરના બારામુલ્લામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. આજે સવારે શરૂ થયેલા એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ ત્રણ આતંકીઓને ઠાર કર્યા છે. ત્રણેય આતંકવાદીઓ પાકિસ્તાનથી ઘૂસણખોરી કરી આવ્યા હતા. આ સમગ્ર કાર્યવાહીમાં એક પોલીસકર્મી પણ શહીદ થયો છે.આ અંગે માહિતી આપતા આઈજીપી કાશ્મીર વિજય કુમારે જણાવ્યું કે આ અન્કાઉન્ટરમાં ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા અને જમ્મુ-કાશ્મીર પોલીસનો એક જવાન પણ શહીદ થયો. ગઈકાલે આતંકવાદી હુમલામાં એક પોલીસકર્મી શહીદ અને પુત્રી ઘાયલ થયા છે.

# આવતી કાલે પૃથ્વી નજીકથી મહાકાય ઉલ્કાપીંડ પસાર થશે


(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૫

વધુ એક ઉલ્કાપીંડ આ મહિનામાં તા.૨૭મીએ પૃથ્વી નજીકથી પસાર થશે, આ ચેતવણી અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ જાહેર કરીને જણાવ્યું છે કે આ ઉલ્કાપીંડ અમેરિકાની ‘એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ’થી ચાર ગણો મોટો છે અને સંભવતઃ આ ઉલ્કાપીંડને નાસાએ ખતરનાક ગણાવ્યો છે.

આ ઉલ્કાપીંડની ઝડપ પ્રતિ કલાક ૭૬૦૦૦ કિલોમીટર છે, જે એક ગોળી કરતા ૨૦ ગણી ઝડપ છે. ‘૭૩૩૫ (૧૯૮૯ જેએ)’ના નામથી આ ઉલ્કાપીંડ ૨૭ મે એ પૃથ્વીની નજીકથી પસાર થવાનું અનુમાન છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે પૃથ્વી પાસેથી પસાર થતી વખતે તેની દૂરી પૃથ્વીથી ૪ મિલિયન કિલોમીટર હશે. આ દૂરી અંતર પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના સરેરાશ અંતરથી ૧૦ ગણું છે. નાસાએ જણાવ્યું હતું કે આ ૨૦૨૨માં પૃથ્વીની નજીકથી પસાર થનાર સૌથી મોટો ઉલ્કાપીંડ છે.

# વિશ્વની ટોચની વીમા કંપની એલિયાન્ઝને અધધધ... રૂ. ૪૬ હજાર કરોડનો દંડ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫




ગ્રાહકોને ગેરમાર્ગે દોરી ખોટા રોકાણ કરાવવાના એક કેસમાં વિશ્વની ટોચની ઈન્સ્યોરન્સ કંપની પર ૬ અબજ ડોલર એટલે કે રૂ. ૪૬,૦૦૦ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે, જે અત્યાર સુધીના ઈતિહાસમાં કોઈ પણ વીમા કંપનીને થયેલો સૌથી મોટો દંડ છે. યુરોપીયન વીમા અને નાણાકીય સેવા પ્રદાતા એલિયાન્ઝને તેના યુએસ એસેટ મેનેજમેન્ટ યુનિટમાં કોરોના મહામારીની શરૂઆતમાં બહાર આવેલી છેતરપિંડીના કેસને કારણે ૬ અબજ ડોલરથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે. આવકની દ્રષ્ટિએ એલિયાન્ઝ વિશ્વની ચોથા ક્રમની સૌથી મોટી અને નેટ પ્રીમિયમની દ્રષ્ટિએ સાતમી અને કુલ એસેટ્સની દ્રષ્ટિએ દુનિયાની સૌથી મોટી કંપની છે. આ એલિયાન્ઝ કંપની ભારતમાં બજાજ કંપની સાથે જોડાણ ધરાવે છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ એન્ડ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી) સાથેની એલિયાન્ઝ પતાવટને કોર્પોરેટ ઈતિહાસની સૌથી મોટી ડીલ ગણવામાં આવે છે.

એલિયાન્ઝ અને તેના ત્રણ ભૂતપૂર્વ સિનિયર પોર્ટફોલિયો મેનેજર સામે આરોપો ઘડનાર એસઈસીએ જણાવ્યું કે એલિયાન્ઝ એક વ્યાપક સ્તરની છેતરપિંડી યોજના સાથે સંકળાયેલ હતી.

# ઈન્સ્ટાગ્રામનું સર્વર ડાઉન થતા વપરાશકર્તાઓમાં ભારે રોષ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૫




લોકપ્રિય સોશિયલ મીડિયા એપ્લીકેશન ઈન્સ્ટાગ્રામ ડાઉન થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. ડાઉન ડિટેક્ટર વેબસાઈટ અનુસાર, ઈન્સ્ટાગ્રામ આઉટેજની સમસ્યાનો સામનો કરી રહ્યું છે જેના કારણે વપરાશકર્તાઓ તેમના એકાઉન્ટને ઍક્સેસ કરી શકતા નથી. ટ્વિટર, ફેસબુક જેવી અન્ય સોશિયલ મીડિયા એપ પર યુઝર્સ ઈન્સ્ટાગ્રામ ડાઉન હોવાની ફરિયાદ કરી રહ્યા છે. ખરેખર, ડાઉન ડિટેક્ટર અનુસાર, ડાઉનની સૌથી વધુ ફરિયાદો એપ્સ સાથે સંબંધિત છે. લગભગ ૪૪ ટકા ફરિયાદો એપ્સ સંબંધિત છે, જ્યારે ૩૯ ટકા સર્વર કનેક્શન અને ૧૭ ટકા વેબસાઈટ ડાઉન સાથે સંબંધિત છે.

# બાઈડનના પ્રવાસ બાદ જાપાનના સાગરમાં ત્રણ બેલેસ્ટિક મિસાઈલ ઝીંકતું ઉત્તર કોરિયા

(એ.આર.એલ),ટોકયો,તા.૨૫



અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને પોતાની પહેલી એશિયા યાત્રા સમાપ્ત કર્યાના એક દિવસ બાદ ઉત્તર કોરિયાએ જાપાનના સાગરમાં ત્રણ બેલેસ્ટિક મિસાઈલ ફેંકી હોવાનો દક્ષિણ કોરિયાની સેનાએ દાવો કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઉત્તર કોરિયાએ આ પરિક્ષણ એવા સમયે કર્યું છે જ્યારે તે કોરોનાની કપરી સ્થિતિ સામે ઝઝૂમી રહ્યું છે. જાપાનના ટોચના સરકારી પ્રવક્તાએ કહ્યું કે ઉત્તર કોરિયાએ પોતાના પૂર્વી તટ પરથી બેલેસ્ટિક મિસાઈલ ફેંક્યા બાદ પરમાણુ હથિયાર પરિક્ષણ સહિત વધુ ભડકાઉ કાર્યવાહી કરી શકે છે. મુખ્ય કેબિનેટ સચિવ હિરાકાજુ માત્સુનોએ કહ્યું કે જાપાન ઉત્તર કોરિયાની મિસાઈલો અંગે પહેલાંથી જ જાણકારી એકઠી કરીને સતર્ક રહેશે જે જાપાનના વિશેષ આર્થિક ક્ષેત્રની બહાર ફેંકાઈ હતી.અમેરિકા અને દક્ષિણ કોરિયન અધિકારીઓએ હાલમાં જ ચેતવણી આપી હતી કે ઉત્તર કોરિયા પ્યોંગયાંગમાં હથિયારોનું પરિક્ષણ કરી શકે છે.

# બેંગ્લોરે લખનૌને જીતવા માટે ૨૦૮ રનનો લક્ષ્યાંક આપ્યો

કોલકાત્તા તા.૨૫



કોલકાત્તા ખાતે રમાઈ રહેલ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચેની આઈપીએલની એલિમીનેટર મેચમાં લખનૌએ ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો. બેંગ્લોરે રજત પાટીદારના અણનમ ૧૧૨ અને દિનેશ કાર્તિકના અણનમ ૩૭ તથા વિરાટ કોહલીના ૨૫ રનના સહારે ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૦૭ રન બનાવ્યાં હતાં. જેમાં લખનૌ તરફથી મોહસીન ખાન, કૃણાંલ પંડયા, આવેશ ખાન, રવિ બિશ્નોઈએ એક - એક વિકેટ ઝડપી હતી. આ લખાય છે ત્યારે ૨૦૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં લખનૌએ એક ઓવરમાં એક વિકેટે ૮ રન બનાવી લીધા હતાં.

# ગમે ત્યારે ઈમરાન ખાનની ધરપકડ થઈ શકે છે : પાકિસ્તાન સરકાર

(એ.આર.એલ), ઈસ્લામાબાદ,તા.૨૫



છેવટે પાકિસ્તાનની રાજનીતિમાં જે બન્યું તે જ રાજકીય વિશ્લેષકો ઈમરાન ખાન સત્તામાંથી બહાર થયા પછીથી ધારી રહ્યા હતા. સત્તામાંથી બહાર આવતાની સાથે જ ઈમરાને શાહબાઝ શરીફની સરકાર સામે મોરચો ખોલ્યો અને સ્વતંત્રતા કૂચની જાહેરાત કરીને પ્રદર્શન શરૂ કર્યું. પરંતુ હવે શાહબાઝ સરકાર પણ ક્રોસ કરવાના મૂડમાં છે. પાકિસ્તાન સરકારે કહ્યું છે કે તેણે બુધવારે પેશાવરથી ઈસ્લામાબાદ જઈ રહેલા ઈમરાન ખાન અને તેમની પાર્ટીના અન્ય ટોચના નેતાઓની અટકાયત કરવાનો નિર્ણય લીધો છે.

વાસ્તવમાં, પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાને જાહેરાત કરી હતી કે તેઓ સ્વતંત્રતા કૂચ કરશે અને તે પછી પીટીઆઈના કાર્યકરો લાહોરમાં સ્વતંત્રતા કૂચ માટે મોટી સંખ્યામાં એકઠા થયા હતા. પીટીઆઈના લાહોર યુનિટે તેના કાર્યકરોને બત્તી ચોક ખાતે ભેગા થવા કહ્યું હતું, જ્યાંથી તેઓ ઈસ્લામાબાદ જવાના હતા.

# ગુજરાત આઈપીએલના ફાઈનલમાં પહોંચતા ફેન્સમાં ટિકિટ લેવા પડાપડી

અમદાવાદ તા.૨૫



ક્વોલિફાયર-૧માં ગુજરાત ટાઈટન્સે આક્રમક પ્રદર્શન કરી રાજસ્થાનને ૭ વિકેટથી હરાવી દીધું છે. આની સાથે જ હવે હાર્દિક પંડ્યાની ટીમને IPL ૨૦૨૨ની ફાઈનલ મેચમાં એન્ટ્રી મળી ગઈ છે. આની અસર અત્યારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આયોજિત ફાઈનલ મેચની ટિકિટોના વેચાણ પર જોવા મળી રહી છે. ક્રિકેટ ફેન્સ અત્યારે માત્ર ઓનલાઈન ટિકિટો જ ખરીદી શકે છે, તેવામાં ૮૦૦ રૂપિયાથી લઈ ૧૪ હજાર સુધીની ટિકિટો સોલ્ડ આઉટ થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ૨૯ મેના દિવસે આયોજિત આ ફાઈનલ મેચ પહેલા અત્યારે ફેન્સમાં અનોખો ક્રેઝ જોવા મળી રહ્યો છે. ઓનલાઈન ટિકિટ બૂક કરતી વેબસાઈટના અત્યારના આંકડા પ્રમાણે ૮૦૦ રૂપિયા અને ૧૫૦૦ રૂપિયા સહિત ૧૪,૦૦૦ રૂપિયાની ટિકિટો વેચાઈ ગઈ છે. અત્યારે ૪,૫૦૦ રૂપિયાથી ૨૦૦૦ રૂપિયાની ટિકિટો વેચાઈ રહી છે. સાંજે ૫ વાગ્યે નોર્થ કોર્પોરેટ બોક્સની લોઅર લેનમાં બ્લોક ઈ- ૨,૩,૫,૬ની ટિકિટો અત્યારે વેચાવાની બાકી છે. બ્લોક D-૪ લોઅરની ટિકિટો વેચાઈ રહી છે.

# તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટોપ ૧૦ ટીવી શોની યાદીમાં પ્રથમ નંબરે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

વર્ષ ૨૦૨૨ના ૨૦માં સપ્તાહ માટેના ટોપ ૧૦ ટીવી શોની યાદી બહાર પાડવામાં આવી છે. દર વખતની જેમ આ વખતે પણ આ યાદીમાં બહુ હલચલ જોવા મળી નથી. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા એવો શો છે જે ૨૦મા સપ્તાહમાં પણ સતત હેડલાઈન્સમાં રહે છે. આ પછી અનુપમાને લિસ્ટમાં સ્થાન મળ્યું છે. સુમ્બુલ તૌકીર ખાન અને ફહમાન ખાન સ્ટારર ટીવી શો ઈમલીના દર્શકો માટે આ વખતે પણ ખરાબ સમાચાર સામે આવ્યા છે.ઓરમેક્સ મીડિયાના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ સપ્તાહના ટોચના શોની યાદી શેર કરવામાં આવી છે. આ યાદીમાં પહેલો નંબર તારક મહેતા કા ઉલ્ટા ચશ્માનો છે. આ પછી રૂપાલી ગાંગુલી અને સુધાંશુ પાંડે સ્ટારર સુપરહિટ સિરિયલ અનુપમાને આ લિસ્ટમાં સ્થાન મળ્યું છે. કપિલ શર્મા શો અને કુંડળી ભાગ્ય ત્રીજા અને ચોથા નંબર પર છે.

લગ્નના ટ્રેકનો ફાયદો માત્ર અનુપમાને જ નહીં પરંતુ યે રિશ્તા ક્યા કહેલાતા હૈ ને પણ ફાયદો મળ્યો છે. હર્ષદ ચોપરા અને પ્રણાલી રાઠોડ સ્ટારર ધ શો પાંચમા સ્થાને છે. નાગિન ૬ અને ભાગ્યલક્ષ્મી ૬ઠ્ઠા અને ૭માં સ્થાન પર છે. આ પછી , ઉદારિયન, ગુમ હૈ કિસીકે પ્યાર મેં (ગુમ હૈ કિસીકે પ્યાર મેં) અને કુમકુમ ભાગ્યને યાદીમાં સ્થાન મળ્યું છે.જો જોવામાં આવે તો સુમ્બુલ તૌકીર ખાનના શો ઈમલીમાં આ દિવસોમાં જબરદસ્ત ફિલ્મી ડ્રામા ચાલી રહ્યો છે.




## માછીમારોને દરિયો ન ખેડવા અપાઈ સૂચના

# સૌરાષ્ટ્ર અને દ.ગુજરાતના દરિયાકાંઠે ૪૦થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવાની આગાહી

(એ.આર.એલ) અમદાવાદ,તા.૨૫

રાજ્યમાં થોડા દિવસથી લોકોને ગરમીમાંથી રાહત મળી રહી છે. ત્યારે રાજસ્થાન ઉપર સર્જાયેલા લો પ્રેશરથી વાતાવરણમાં પલટો આવ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે પવન ફૂંકાવાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં તેમણે માછીમારોને ચાર દિવસ એટલે કે ૨૯ તારીખ સુધી દરિયો ન ખેડવાની સલાહ આપી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૨૯મી તારીખ સુધી સૌરાષ્ટ્રના સમુદ્રકિનારે ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા હવાના દબાણને કારણે સૌરાષ્ટ્રના દરિયા કિનારે ભારે પવન ફૂંકાઈ શકે છે.

હવામાન વિભાગે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના બંદર જેવા કે, જખો, માંડવી, મુંદ્રા, ન્યૂ કંડલા, નવલખી, જામનગર, સલાયા, ઓખાના માછીમારોને દરિયામાં ન જવા માટે સૂચના આપી છે. હવામાન વિભાગના મતે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૦થી ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આ સાથે દક્ષિણ ગુજરાતના માછીમારોને પણ ૨૭મી મેથી ૨૯ મે સુધી દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના દરિયા કાંઠે ૪૦થી ૫૦ કિમી પવન ફૂંકાઈ શકે છે.













